[illegible]ની મહારાણી

[illegible]



મહેફીલની મહારાણી

ઉર્ફે

બોલતી ફોનોગ્રાફ.

:છપાવી પ્રસિદ્ધ કરનાર:—

મહમુદ એન્ડ મહમદભાઇ કાગદી

બુકસેલર એન્ડ પબ્લીશર.

અલાયાની વાડી સામે—સુરત.

આવૃત્તી ૧ લી   સને ૧૯૨૯

સુરત બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળમાં "અનાવિલ બંધુ" પ્રિ. પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયકે છાપ્યું.

કીમત ૦—૮—૦

વાંચવા લાયક પ્રખ્યાત થયેલી વાર્તાઓ

નામ.	કીં. રૂ. આ. પા.
ગજરામારૂની વાર્તા (અણુમાનીતીનો પુત્ર) ...	૦-૮-૦
સદેવંત સાવળીંગા (આઠ ભવની વાર્તા) ...	૦-૮-૦
સુંદર કામદાર (ચમત્કારીક ઘટના)	૦-૮-૦
બરાસ કસ્તુરી (ભેદી બનાવથી ભરપુર) ...	૦-૮-૦
સ્ત્રી ચરીત્રની વાર્તા (સ્ત્રીઓની કપટલીલા) ...	૦-૮-૦
બોલતો પલંગ (અદભુત વાર્તા)	૦-૮-૦
માનસુસાફરી (સાત પ્રશ્નોની વાર્તા)	૦-૧૨-૦
છેલ જશાર (ઇતિહાસીક વાર્તા)	૦-૬-૦
હોથલ પદ્મમણી (ઇતિહાસીક વાર્તા) ...	૦-૮-૦
બીરબલ બાદશાહ મોટી (હાજર જવાબી વાર્તા)	૦-૧૨-૦
રાજા ભરથરી (સચીત્ર વાર્તા)	૦-૮-૦
મોહીની ઉર્ફે મરીયમ અથવા ડાકુની દીકરી	૦-૧૨-૦
હનુમાનની મુર્તી અથવા ચક્કરદાન ખુન ...	૦-૧૨-૦
ચોકટનો એકકો યાને ૧૩ પાનાની કેટ ...	૦-૮-૦
લાલનો એકકો યાને વિર લુટારૂં	૦-૮-૦
ડાકતર કે દૈત્ય યાને ઝેરી ખુન	૦-૮-૦
સરોવરની સુંદરી ભાગ ૧ લો અને ૨ જો ...	૧-૦-૦

-મળવાનું ઠેકાણું—

કાગદી મહમુદ એન્ડ મહમદભાઈ
બુકસેલર એન્ડ પબ્લીશર,
અલાયાની વાડી સામું,—સુરત.

મહેફીલની—મહારાણી

ઉર્ફે

બોલતી ફોનોગ્રાફ.

કુદરતનો ન્યાય— (કોમીક)

(ભાભી અને દીયરજીનો સંવાદ)

મન મારૂં મુઝાયે રે દીયરજી કેમ કરવું ?
દિલ મારૂં ગભરાયે રે દીયરજી કેમ કરવું ?
પતિ તમારો આવે ત્યારે ઘરમાં જઇ રીસાજોરે,
ચુંબન માગે વ્હાલી કહીને તોયે નવ મનાશોરે,
ભાભીજી એમ કરવું.

ક્યારે જાયે ને ક્યાં જાયે એ કાંઇ નવ જાણું રે,
પૂછવા જાઉં હું જો કાંઇ ડોળા એના ભાળું રે,
દીયરજી કેમ કરવું.

તાળું મારી બારણે બેસો ઘડી એક થાજો ખોટી રે,
ચંડીકાનું રૂપ ધરીને ચમકાવો પછી સોટી રે,
ભાભીજી એમ કરવું.

વસંત વીણા— નવી વહુ. (મનડાના કોડ)

મને સાડીઓ અપાવો સારી, હું તો મુંબઈ આવું....
મને પોલકાં અપાવો ભારી, હું તો મુંબઈ આવું....
ચાલુ ચટકાથી–મ્હાલું મટકાથી
તમે મને મુંબઈની વ્હાલમા માયા લગાડી....
માયા લગાડી મને માયા લગાડી–મારા મનડાના મોર
તમે માયા લગાડી
સાખી—જઈએ આપણ સાથમાં એ તો જાણે ઠીક....
પણ પાછા ફીસાવ તો જીવતર થાશે ધીક....મને.

અક્કલનું પડીકું—

આપ પાપડવાડીમાં પધારજો લ્હેરીલાલ,
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પડોશમાં તુલસી કયારાનું નિશાન છે?
ઝાઝામાં! તુલસીના ઝાડનું નિશાન છે–લ્હેરીલાલ.
અખંડ અને અભંગ આજ સાંજ પહેલા પધારજો,
હડતાળવાળાનું તોફાનછે, જયાં હડતાળવાળાનું તોફાન છે–લ્હે૦
જોખમ ભરેલું કામ પુરી પંચાત છે, ધાસ્તી છે! આફતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે–લ્હેરીલાલ.

સુકદેવજી—

સુખ દુઃખ મનનાં કારણ સજની,
મન પર સૌ આધાર;

જેનું મન જેથી માન્યું, તેમાં સુખ તેને સાર....સુખ.
યોગી છે યોગે રાજી, (૨)
ભોગી ઉપભોગે રાજી, (૨)
રાજી વનવાસી વન મોઝાર
સજની રાજી વનવાસી વન મોઝાર.... સજની.
ઠહેલે ઘરબારી રાજી, (૨)
મ્હેલે દરબારી રાજી, (૨)
રાજી જેમો જેવો અધીકાર;
સજની રાજી જેનો જેવો અધીકાર;.... સજની.

માલવ પતિ—રાગ ગઝલ કવાલી.

એક સરખા દિવસ સુખના કોઇના જાતા નથી;
એથીશું શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથીઃ—
ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા તેને નથી;
એજ શુરા જે મુશીબત જોઈ મુંઝાતા નથીઃ—
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય;
જે ચડે તે તે પડે એ નીયમ પલટાયા નથીઃ—

સત્ય પ્રકાશ— (સ્ત્રી કર્તવ્ય)

શિયળ, સદ્ધર્મનું પાલન, સદા શાન્તિ પતિ : સેવા
સહન શીલતા વિના સ્ત્રીના હૃદય ભંડાર સૂના છે—
સ્ત્રીયોચિત સદ્ગુણો વીણુ સહુ ભણ્યાં પણ ન ગણ્યાં ગણવાં
વૃથા એ ભાર ભણતરના, જીવત સંસ્કાર સૂના છે—

ખરી શોભા ન વસ્ત્રોથી ન સુંદરતા ન ભૂષણુ છે
ખરા શણુગાર સદ્‌ગુણુના વિના શણુગાર સૂના છે—
મળે કે ના મળે પ્રીતિ, ટળે કે ના ટળે દુઃખડાં
છતાં સ્ત્રી ધર્મ તજવાથી અરે અવતાર સૂના છે—

શુકદેવજી—
સુખીયા જન મનથી,
સુખીયો સંસાર છેજી;
દુઃખીયાને દુઃખ પરમાણે,
દુઃખીયો વ્હેવાર છેજી;
રોગીનું દુઃખ નિરોગી,
સુખનું નવ જાણે ભોગી;
અનુભવથી જાણે, કેવો સંસારે સાર છેજી.—સુખીયા.

માલવ પતિ—(રસના સાગર) ગઝલ-કવાલી.
સ્નેહ વિના સંસાર સુનો છે સ્નેહ વિના સંસાર,
સુના જેમ સુવાસ વિણુ ફુલહાર..................સુનો છે.
ચંદ્ર ઉજાસે, પ્રિયતમ સાથે, રમ્યાં નહીં રસભાર રતિનાથે,
તે જોડાંના જીવતર માથે ભવનો મિથ્યા ભાર,
ઝુલ્યા વીણુ પ્રિયતમના કરમા ડુબ્યા વિણુ રસના સાગરમા;
ઉઘડયા વિણુ અંતરની કળીઓ કયાં સુરભી મળનાર.

સત્ય પ્રકાશ—
આજ હું તો પરણ્યા પિયુથી રીસાઉં
મને મોહનજી આવી મનાવશે

પાછળથી આવી એ પકડે પાલવડો;
હું કહીશ મોહનજી મુકો કેડલો;
બોલ મારી મીઠડી! બોલને રસીકડી! એવું કહીને બોલાવશે
વ્હાલમનાં નેન મારા ચિતડાંના ચોર મારા મીઠા કલાયમ મોર
કહેશે જો કંઠ મને વગડાનું ઢોર
તોય હું કહીશ કાળજાંની કોર ક્યારે આવશે.

માલવ પતિ— (ગાયન)

સાંભળ બ્હેની, છાની કહું એક વાત કહેતાં શીદ મુઝાતી!
અરધી ઉંઘે આજની વીતી રાત જોને આંખડી રાતી!
ચાંદલીયો જોઇ ચેટક જાગ્યું, વાયુની લ્હેરમાં કંઈ નવું લાગ્યું;
ફુલ શૈયા જાણે ડંખવા લાગી,ઉરજાગ્યો ઉત્પાત,જોને ધડકે છાતી
ઘેન ભરી આંખે કુંજમાં ગઈ ત્યાં કોઈક મળ્યું એકાએક;
પાસે બોલાવી, હૈયે દબાવી, કૈં કૈં કીધું મન હરી લીધું,
આંખ ઉઘડીને જોઉં પછી ત્યાં જોયું થયું પ્રભાત
વાતો એ ન ભુલાતી.

શુકદેવજી—

ક્ષમા એજ ભુષણ શુરવીરનું,
ક્ષમા ભુષણ છે શાણાનું;
દયા એજ ડહાપણનું ઘર છે,
હિંસા એજ દિવાનાનું.... .... —જુઓ.
વિદ્વાનોનું ભુષણ વાણી,
સાધુ લે સાધુતા જાણી;

ક્રોધ કર્મ છે બહુ નઠારૂ
હોય રંક કે રાણાનું.... ....જુઓ,

સત્ય પ્રકાશ— (નયનના કાતીલ માર)

કહોજી કંઠ કામણગારા આ શાં કામણ કર્યાં ?
કામણ કર્યાં, મનડાં મારાં હર્યાં—કહોજી૦
કુમળાં કુમારાં દીલડાં છળથી એ છે અજાણ્યાં;
ઘાવ કર્યાં વીણ કેવાં ઘાયલ કર્યાં—કહોજી૦
કુમળાં તમારાં કાળજાં કાતીલ નયનના માર છે.
દીલભર તમારી આંખડી બેધારની તલવાર છે.
નારી નયનનો પુરૂષ પર જુહોજ કો અધિકાર છે.
ખીજે તો જીવન ઝેર ને રીઝે તો બેડો પાર છે.
ભાન ભૂલાવી આ શાં જાદુ ભર્યાં—કહોજી૦

માલવ પતિ—રાગ-ગઝલ-કવ્વાલી

સરવર પાસે પણ પ્યાસે નથી;
તૃપ્તિ રસ તરસ્યાંને ન કદી થાતી જાતી;
વીણ દુઃખ અમે દુઃખીઆરાં, છે પાસ છતાં-પણ ન્યારાં,
બહુ સુખથી એ દુઃખીઆરાં, શિર જોર છતાંય બીચારાં,
આંખલડી થાતી રાહ જોઈ રાતી,
એ વાંક વિરહનો વાર ન સ્હેવાતી—
અધીરતા આ અરે શાને ! નિરંતર એક અંતર છે;
ઘણાં ચુમનો મધુકરને, સુમનને એક મધુકર છે,

સાગરની પ્યાસ ન પ્યાલે બુઝાતી;
રસનાં તો ચટકાંમાંજ મજા માતી:—

શુકદેવજી—

ભગા તારૂં ભાગ્ય ખુલ્યું;
તારૂં ભાગ્ય ખુલ્યું હવે ભલો જડયો છે ઉપાય.—ભગા.
આંખોની વચ્ચે નાક નડે તેથી,
પરણુ ન દેખાય....
આ નાક વચ્ચેથી જાય.
પછી ભગવાનનાં દર્શન થાય;
મારા જેવા હોને કરૂં તો પુછયાની ખો ભુલી જાય.—ભગા.

સત્ય પ્રકાશ— (શરમને ઢગલો)

લટકેથી ચાલ જરા ચટકેથી ચાલ;
ગામડાની ગોરી રસીલી રીસાળ !
મદમાતી ચાલ મારા મનડાની માળ !
કમર લચકાય જરા એટલું સંભાળ.
મંદગતિ હંસગતિ ગજગમની ચાલ;
લટકારા લાલ બળ્યું આ તે શું વ્હાલ—
આ વીલાયતની બુટની એડી જાણે પગમાં નાખી બેડી
ગભરાશો ના માઇ લેડી પડયો તો લઈશું તેડી
કયાં સુધી તું રહીશ હવે આવી શરમાળ—

માયાના રંગ—　　(કોમીક)

પ્રેમ તણી પોથી મહીં થયો રજીસ્ટર પ્યાર,
નરમ ગરમ બનતા રહો, સુખી રહો સંસાર.
વહેમ જતાં સુધર્યો સંસાર,હનીમુન કરીએ જઈ ગીરનાર,
બે ઘોડા બે ગાડી તૈયાર, એકંદર નંબર છે ચાર.
પ્રેમ તમારો રહે તાલ, રક્ષા કરજો ખેતર પાળ,
ડ્રાઇવર મજાનો જોઈ મેલ આ દિવાની થઇ.
તો નાનકડા ગાર્ડને આ એક્સપ્રેસ મોહી,
મેદાન થયું સાફ આ ચારે બલાઓ ગઈ,
આભાર ખાના સાથ અમે રહીશું સુખે અહીં.

શુકદેવજી—

મોરલા મઢાવું, ચાંચ ત્હારી સોનાથી;
કેંક ટોકા કરીને, જોગીરાજને જગાડ,
જોગીરાજને જગાડ, વીરા માનું તારો પાડ....મોરલા.
વર્ષાના વિલાસી, તપોવન વાસી,
કલાધર કલા તું તારી દેખાડ (૨)... ...મોરલા.

સત્ય પ્રકાશ—　　(કાળજાંની કોર)

કહેને અલી કાળજાંની કોર ક્યાં ભીંજાઇજો!
વ્હાલમના વચનોનાં તીરથી વીંધાઇજો!
રસીલી શું તું રસીયાથી રમતાં રીસાઇજો—
માળા ગુંથી મલકાતી હું દેવ રીઝવવા જાતી,

ત્યાં તારે તારની આંટી, પડતાં તુટી વચમાંથી
ચાળા એ છોડ અમે જાણી ચતુરાઇનો;
મોહનને માનમાં મનાવતાં મુંજાઇનો—કાળજાં૦

માયાના રંગ— (રીસામણું મનામણાં)
રીસામણાં મનામણાંના કેટલા છે ભાગ,
મને નાના નાવલીયા સમજાવ.
નાનકડી નાર તું છે પુરી પહોંચેલ,
મને નાનો જાણી ન બનાવ.
નાનીથી નાર હું તો કશું એ ન સમજું,
મને શીખવા જેવું કૈં શીખાવ.
હાથ કોમળ મુજ કંઠે લગાવ,
મને હૈયાને હીંચકે હીંચાવ.
નહીં એવું બોલીને શરમાવ,
હું છું એકલડી કૈંક તો લજાવ.
તું છે એકલડીને હું છું એકલડો,
બન્નેની બેલડી બનાવ.

શુકદેવજી—
સુત સપુત પાછા વળો, સુણો હીતનીરે વાત.
શાને ઘેલા થઈ ઘર તજો? તજો માતને તાત—સુત.
—પુજ્ય પિતાજી પાછા વળો, જાણી હીતની મેં વાત,
કોણ પીતા કોણ પુત્ર છે, કોણ માતને તાત—પુજ્ય.

—માતા તમારી રૂદન કરે, નાખી નાખી નીશ્વાસ,
 ઘો કૈં આશ્વાસન તેહને, કરો શાને નિરાશ.

—લક્ષ ચોરાશીમાં હું ફર્યો, બન્યો સઘળે નિરાશ.
 અવતાર ધરીયા અનેક મેં, પુરૂં કોની હું આશ—પુજ્ય.

સત્ય પ્રકાશ—

ફુલડાં ધીમે વીણજો બ્હેન! અમારી પુલવાડી સોહાય,
એની કોમળ કોમળ કળીઓ કુણાં કાળજડાં કોરાય;
સુવાસે હૃદય સુવાસિત થાય, વિકાસે કૈંક ભ્રમર લલચાય,
વિલાસે વ્યર્થ સુધામય સુરભિ એની મોંઘેરી સરી જાય—
માળ ગુંથી આ અમોલી કોને કંઠ ધરાય!
મધુરી એની પરાગ વહી વહી જાય,
 પૂજ્ય વીણ કોનાં પૂજન થાય!
 મનની મનમાં સર્વ સમાય—

માયાના રંગ— (સ્નેહ વિનાનો સંસાર)

જળ સુકયા પછી સરવર શાનાં, સ્નેહ જતાં સંસાર નકામા
શુદ્ધ સ્નેહની આ દુનિયામાં કદર કરે શું મનુષ્ય દિવાના—જળ
અમર સ્નેહના માર્ગ મધુરા, સમજી શકે નહી સ્નેહી અધુરા
કષ્ટ સહે જે સ્નેહી પુરા, તેજ વસે એ સ્વર્ગ સદનમાં
દાવાનળ દીલડે ઉઠયા, રગ રગ લાગી લાય,
તન સળગ્યાં, મન ના બળ્યાં શો કરવો ઉપાય.

શુકદેવજી—

નથી આ બોલ જરા ખોટો,
ઓ બાલ મુની, નથી આ બોલ જરા ખોટો;
વૈકુંઠ માંહી વિષ્ણુ ને લક્ષ્મી,
બ્રહ્મા સાવિત્રીનો જોટો;
માયા મહેશ્વર જુદાં નથી,
છે મહિમા માયાનો મોટો.... ....ઓ બાલ.
—ભલા ભલાએ ભુલ ખાધી સંસારમાં,
ચાખ્યો માયાનો સોટો;
શાને તમે બ્રહ્મચારી રહ્યા ?
આ તો પકડયો અમારો ટોટો.... ....ઓ બાલ.

સત્ય પ્રકાશ—

ધન્ય જીવન તે નારનારીનાં જગ આખું ઉચ્ચરે
સુજન જે સત્ય પંથ સંચરે
લક્ષ્મીવાન તે સાચા, દાનથી લક્ષ્મી અમર જે કરે
તેજ સાચી વિદ્યા જે જનનાં ચરિત્ર ઉજવળ કરે
અવિદ્યા એ પળભરમાં હરે—
ધર્મ ધુરંધર તેજ ખરા જે સ્વધર્મ રક્ષા કરે
અસત્યના અંધાર હરી જે સત્ય પ્રકાશિત કરે
સહજમાં આ ભવસિંધુ તરે—ધન્ય.

માયાના રંગ— (જોબન મસ્તી)
જ્યારે જોબનની મસ્તીમાં આવે બાલા,
ત્યારે નણુદલના વીર લાગે વ્હાલા વ્હાલા.
ઘેન નયને ભરાય, ચીત્ત ચંચળ જણાય,
જપે રસીયાના નામતણી રમણી માલા.
નિર્બળ મનની વ્યર્થ બીમારી એ વાતો નથી સારી કુમારી,
નિર્બળ મનને કરે વિકારી છોડો કુમારી વિચારો એ ઠાલા.
મદનશરના પ્રહાર, અંગે થાશે અપાર;
ભાવ હૈયામાં જાગશે કે છાના છાના.

શુકદેવજી—

(વારાંગનાઓ શુકદેવનું તપ છોડાવા જાય છે)

સાંવરીયાને જોગ લીયો, અબ કીસ બીધ પાસમેં જાઉં-સાં૦
ગોરસ મટકીમે મહી જમાવું, ગ્વાલન બનકે મેં જાઉં-સાં૦
પુલનકી ફુલ છાબ બનાઉં, માલન બનકે મેં જાઉં-સાં૦
ગોરે ગોરે અંગપે ભભુત લગાવું, જોગન બનકે મેં જાઉં-સાં૦

કોકિલા— (રાગ-કવાલી.)

જીંદગાની ફના થવાની છે
શીદ બાંધે આ પાપ ભારી છે—જીંદગાની૦
જન્મ જગમાં કરોને કાર્ય સારાં
ભલી ભુંડી યાદ રહેવાની છે—જીંદગાની૦
કંઇક નીર્દોષની કીધી કતલ તેં
દેવ દરબારે એ લખવાની છે—જીંદગાની૦

દુભવો ના ગરીબ દીલ કોનું
દીનની હાય બાળનારી છે—જીંદગાની૦
માયાના રંગ— કોમીક (પ્રેમનાં તોફાન)
ઘેલી ઘેલી ફરૂં છું એના ધ્યાનમાં,
મારો સ્નેહી મરે છે તોયે માનમાં
ઉરસાગરના મોંઘેરા મોતી,
નહીં સમજુ છું ભાન કે બેભાનમાં....મારો.
હું તો જાણું એ હૈયાના હાર છે,
મારા પ્યારની ન એને દરકાર છે.
માર્ગ ભૂલી હું પ્રેમના તોફાનમાં....મારો.

શુકદેવજી—

(શુકદેવજી સંસાર તજે છે તેની માતા કહે છે.)

ના ના ન્હાનડીયા જાયા (૨)
નહી જાવા દઉં લાડકવાયા! ના ના.
હજી તું છે નાનો બાળ,
તારે નથી તપનો આ કાળ,
નહીં જાવા દઉં લાડકવાયા ના ના.
બાર વર્ષ મેં ઉદરે રાખી,
વૃથા વહ્યા શું ભાર?
નહીં જાવા દઉં નયન સલુણા (૨)
આત્મ તણા આધારરે— ના ના.

કોકિલા— (કોમીક–મોટરની સહેલ)

ઘરડા વરની ઘરધણીઆણી સાવ નકામી રાજ,
પરણી નામની હો રાજ
એળે જાય તમારૂં જોબન ભોળી ભામની હો રાજ,
માનુની મુકોને લાજ
કેતકીની એક સાડી લઇ દઉં, ઝરી બુટ્ટાની ચોળી,
દુધલડાં પાઉં હું કઢીને સાકર કેસર ઘોળી,
(બાગ બગીચા મહેલ બંગલા મોટર સહેલ કરાવું)
(ઘરડા વરનું ઘરબાળીને ચાલો સાથે આવું)
રમશું રંગ ભરેલી રમતો સારી જામની હો રાજ
અજબ આસમની હો આજ—ઘરડા૦

વેર વસુલ—

સખી શાને અધીરી બની આવી?
રીઝવશે રસથી પ્રીતમજી પ્રીતમજી પ્રીતે બાહુ તાણી.
સખી ધીરી અધીરી પઠને શાણી. રીઝવશે.
સખીયો બની બહુ એક મુજને આમ નહિ મુંઝાવશો.
અણજાણી પ્રીતમ પ્રેમથી, છોડો નહિ ચીડાવશો.
જાણી અજાણી મુખથી કહી ના અમથી કે પૂાવી જશો.
બાબા તજી સાચું કહો મનમાં છુપાઇ શું હશો.
સખી શાને.

શાહ-કે-ચોર— (પાપનો પસ્તાવો)

તજી નીતિ અનીતિનો અરે મેં માર્ગ સ્વીકાર્યો
ન ફાવ્યો લક્ષ્મીના લોભે અરેરે આખરે હાર્યો
કર્યાં કુકર્મ મેં કેવાં ફસાવી ભોળી દારાને
વિલાસી મુઢ થઈને મેં સતાવી શુદ્ધ બાલાને
પિતાને છેતરી મારા બહુ અન્યાય મેં કીધો
પીતા વાત્સલ્યનો પુરો લહાવો મેં નહીં લીધો
મેં તો સર્વે હવે સોંપ્યું રે—પીતાચરણે
શરણ હવે યાચ્યું રે—પીતાચરણે

(સાખી)

હે વીશ્વ વાડીનાં પુષ્પો સુગંધને ત્યજશો નહીં
ઉગતા તમારા જીવનમાં વીષધારને ધરશો નહીં
અનુભવ વીનાની જીંદગીના છંદમાં ફરશો નહીં
માતા પીતા તો દેવ છે એ ભાવના ભુલશો નહીં—મેં તો.

કુદરતનો ન્યાય—

બાવો બની હું અલખ જગાવું જમનાજીમાં ન્હાવું,
ઓ કરશું ત્યાં ધંધો.
ભસ્મ લગાવી ટીલાં કરીને ભીક્ષા હું તો માગું રે—ઓ.
ભાવિક જો કોઈ ભક્તિ ભાવે પાસે આવી બેસે,
ખણ ખણ ખણ થતી સોના મ્હોરો ઢગલે આપી દેશે,
તો શું કરશો ત્યાં ધંધો ?

પેસાથી અમે અળગા રહીએ એવું મુખથી કહીશું,
હા, ના હા, ના કહેતાં મુખથી લઇને પટારા ભરશું,
એ કરશું ત્યાં ધંધો.
લટકાં મટકાં કરતી આવે, ચટકાળી જો નારી,
ઝાંઝરને ઝણુકારે તમને, કરશે ઈશારા ભારી,
તો શું કરશો ત્યાં ધંધો ?
આંખો મીચી ધ્યાન ધરી, રૂષિરાજ અમે તો થઈશું,
રંભા સમ સુંદરીના નૃત્યે, નયનો નચાવી દઇશું,
એ કરશું ત્યાં ધંધો.

સંસાર સાગર—
જરા કહોજી રસરાજ આપ સ્નેહી થશો ?
હૃદયસ્વામી થશો, કે પ્રણયગામી થશો ?
ભોગી રસના થશો, કે યોગી સ્નેહના થશો ?—જરા
નથી ભોગી સુંદરતાઓ, સ્નેહનો હું યોગી,
વીલાસનો ન ભુખ્યો, નહીં વાસનાનો રોગી;
રમણી થશો, કે સ્નેહ રાણી થશો ?—જરા.
સ્નેહ બંધનથી સ્નેહીને આમ બાંધજો;
થજો એમનાં તમે, ને એ તમારા થજો—જરા.

શાહ-કે-ચોર— (વીચીત્ર સંસાર)
સંસાર આ છે ચિત્રમય બાજીગરી દેખાય છે
અમૃત ભર્યું કે ઝેર એમાં તત્વ ના સમજાય છે

કોઇ સ્થળે વિદ્વાન જનની વાત તો સમજાય છે
કોઇ સ્થળે દારૂ નિશામાં દાનવો દેખાય છે
રમણી રમણના પ્રેમમાં રસરંગ જો રેલાય છે
કોઈ સ્થળે નિજ વૃદ્ધ પતિની કથનીઓ કહેવાય છે
સંગીતના સુરો કહી તો રૂદન ક્યાં સમજાય છે
આનંદ મસ્તી ક્યાં ઉડે તો શોક ક્યાં ઉભરાય છે
સંસારની માયા મહીં ખોટું ખરૂં ભેળાય છે
જે જ્ઞાનની મુક્તિ મળે એ જ્ઞાનના સમજાય છે

કુદરતનો ન્યાય—

વીણો વિણોને ફુલડાનાં ફાલ
ફોરે એવાં હૈયાં સખી !
ગુંથો ગુંથોને ફુલડાંની માળ
ગુંથો એવાં હૈયાં સખી !
સરખી સાહેલી કોઇ વીણવા ન આવે,
વીણું હું વનને એકેલી રે;
વીણું અલબેલી હું ફુલફુલની વેલીને
વીણું ને થાઉં ઘેલી ઘેલી—વીણો૦
આઘે આઘે છે મહુલી જોગીની મારા,
પાસે છે ફુલડાંની વાડીરે;
સાધીશું જોગ સ્નેહઝંઝાને કાંઠડે
વીણીશું ફુલ દા'ડી દા'ડી—વીણો૦

શાહ-કે-ચોર— (કોમીક ગાયન)

આશક થવામાં જોખમ આશકના બુરા હાલ
નહીં ઘાટના કે ઘરના આફતના સમાચાર
સીનેમાં જોતાં જોતાં અંધારે રમતાં રમતાં
બે પાસે પાસું વાગે આફતના પોબાર
સામે સામે છે માળા બારીમાં બેઠી બાળા
કરતી કંઇ કંઇ ચાળા ચાર આંખના ચમકાર
જો જો ભાઇઓ સંભળીને કરજો પ્રીતી ચાર
ઓલરાઇટની આલબેલને થેન્કયુ ના પોબાર

કુદરતનો ન્યાય—

માતા પીતાના સ્નેહ સમુ બીજું નહી કો સ્થાન છે,
એના સમું દુનીયામહીં બીજું ન કો સુકાન છે.
સંસારના આ તાપમાં શીળી મળી એક છાંય છે,
સંતપ્ત પણ આ સૂર્યની તીખી નહી ત્યાં લાહ્ય છે.
જેનાં ખરે જ્યાં આંસુઓ, લ્હોનાર બીજા કો નથી,
મીઠી મધુરી દ્રષ્ટિથી જોનાર બીજા કો નથી !
સંતાનના અપરાધને ચે લક્ષમાં લેતાં નથી !
હા ! ધન્ય ! એવા પ્રેમની તોલે બીજુ કોઇ નથી.

પ્રેમની પુતલી— (રાગ કવાલી)

જુંઠા જન જુંઠું કરે, કોણ ભલું ભલાનું ભાળે
સ્વારથ માટે ભલ ભલા તે, ભાઈ ભાઇને મારે

કરણી તેવી પાર ઉતરણી, સહુ સમજે સંસારે
પણ અંતરની પાપ વાસના, ચળે નહીં કો કાળે
દીકરા દીકરી માત પિતા, વળી બીને સંહારે
ઉઘડે આંખો એની જ્યારે જમઠા ઝટકો મારે

કુદરતનો ન્યાય—

પુત્રનું ભાવી બગાડે આમ માતા લાડમાં;
ગર્વઘેલી પાઠતી સંસ્કાર કુડા તોરમાં—પુત્ર૦
જે બી વવાયું આજ તે કાળે કરી ફુણગો થશે,
મોટું થતું એ છોડ રૂપે વૃક્ષ અંતે થઈ જશે;
જો ઝેરથી સીંચી રહો તો મીષ્ટ ફળ કયાંથી મળે?
ફાટી ગયું દુધ મુળમાં તો મીષ્ટતા કયાંથી જડે?
સૂત્ર આ જાણે નહી પસ્તાય પુરી આતમાં—પુત્ર૦

સંસાર સાગર—

સંસાર તણો સાગર તરવા, અભિમાન કોઈ ના કરશો;
છે કામ, ક્રોધ, મદ, મોહ ભર્યો; એ મહાસાગર કયમ તરશો;
—સંસાર.

જો વીષય તરંગે લલચાશો;
તો વીષમ ખડકમાં અથડાશો.
નીતિ તણી નહીં નાવ હોય તો અધવચમાં ડુબી મરશો;
સધ્ધર્મ તણો નહીં હશે સુકાની, તો કયમ પાર ઉતરશો?
સજ્જન આ સંસારનો, કોઇ ન પામ્યા પાર;

ડુબાવનારા બહુ વસે, કોઇ જ તારણુહાર.
સ્વચ્છંદ સફર જો કરશો, મુજ માફક ઝુરી મરશો,
એ મહાસાગર કયમ તરશો—સંસાર.

પ્રેમની પુતલી— કવાલી (સમય સમયના રંગ)
સમય સમયનું કામ, સમયે સમય કરે છે,
એક સમય અર્જુન ધનુષ ધરી, બાણુવળી કહેવાણો,
એક સમય વળી તેજ અર્જુન, જંગલમાં લુંટાણો.—એ સમય.
એક સમય હાથીને હોદ્દે, એક સમય પગપાળા,
પળ પળ પલટે સમય, સમયના ચંચળ એવા ચાળા.—એ સમય.

માલવ પતી—
હૃદયના શુદ્ધ પ્રેમીને નીગમનાં જ્ઞાન ઓછાં છે;
ન પરવા માનની તોયે બધાં સનમાન ઓછાં છે.
તરી જાવું બહુ સ્હેલું છે મુસ્કીલ ડુબવું જેમાં
એ નીર્મળ રસ સરીતાથી ગંગા સ્નાન ઓછાં છે.
પ્રણુય કલહે વહે આંસુ ચુમે ચાંપી હૃદય સ્વામીન,
અરે એ એક પળ માટે જીવનનાં દાન ઓછાં છે.

સંસાર સાગર— (ગઝલ)
પૂછે મને તો હું કહું, દીલદાર હો તો આવી હો;
આંખો કહે જોવા ચહું, ચહાનાર હો તો આવી હો.—
મસ્તીભર્યાં નયન ઠરે, રસીકનાં હૈડાં હરે;
જોનારને ઘાયલ કરે, તલ્વાર હો તો આવી હો.—

સુધાભર્યાં અધરો પરે, અમૃત મધુર વરસ્યા કરે;
પીનારની તૃષા હરે, રસદાર હો તો આવી હો.—
શી ખબર અમૃત પીવાડી, અમર કરશે કે નહી ?
અમૃત તણા પ્યાલા ભરી, પાનાર હો તો આવી હો.—

પ્રેમની પુતલી— (કોમીક ગાયન)

છું નાનકડી નખ જેવડી,
પણ ભલભલાને ભુલાવું,
હું થનગન થનગન નાચ નચાવું, છું નાનકડી૦
તું પકડી તાલીમ પામેલી,
આ તેં કેળવણી આપેલી;
તું પ્હોંચેલી, તું સુધરેલી,
નિશાન સજ્જડ આંટી લઉં, હું તડાક બીલ્લું ઉડાવું.-છું.
પ્હોંચેલાને પણ પલમાં પાણી તું પાનારી,
આ ત્રણ ભુવનમાં નથી જોડ તારી-તારી;
કોઇને સમજાવું કંઈનું કંઈ, (૨)
લઉં હાથ મારી રૂપીઆ હું ખનનન ખનનન ખખડાવું.-છું.

માલવ પતી—

આંખે અરધી ઉંઘ અર્ધ જાગ્યાં સ્વપ્નાં જુવે સ્નેહનાં;
થઈ અરધાં નીલજ્જ લાજ અરધી અમૃત પીયે પ્રેમનાં;
પીવાયે રસ અર્ધ અર્ધ ઢળતો અરધી ઢળે આંખડી,
વીતે અરધી વાત તોય કહીયે વીતીજ અર્ધી ઘડી !

છત્રવિજય—

સખી જેને કાંટો વાગ્યો પુલડાં કેમ વીણ્યાં આ જાય ?
છે જશક જેવો કાંટો પણ અંતરમાં ઉઠે લાહ્ય–સખી.
પીડા કારમી હૃદયે જાગી ઝીણું ઝીણું ખટકે ઓયમા
શું થાય કંઈ સમજાય નહીં જીવ જાય મધુરે ચટકે અરરરર.
પીડા આશી કહેવાય ? ના સ્હેવાય
જીવડો જાય અરરર લપક લપક થાય—સખી.

પ્રેમની પુતલી— કીકલો–કીકલી–(કોમીક ગાયન)

જરા કાળી છું પણ કામણગારી નાર,
કીકો મારો ગાંડો. (૨)
મેં તો ભુરકી ભભરાવી બારોબાર, કીકો મારો ગાંડો. (૨)
મુવો કહે છે મારૂં ઘર માંડો,
મને પજવે પાડોશીની રાંડો;
મારી ઠેકડી કરે છે ઠારોઠાર, કીકો મારો ગાંડો,
બળ્યો વાંઢી વાંઢાનો અવતાર, કીકો મારો ગાંડો,

માલવ પતી— (નવી જવાનીનું દર્દ)

જ્યારે આવે, નવીન જુવાની દુનીયા નવીન જણાય,
મનના ભાવો, પલ પલ પલટે શાથી નવ સમજાય.
જ્યાં નવયૌવન ઉભરાય ત્યાં દર્દ નવીન કંઈ થાય,
જગતમાં જેનો નથી ઉપાય—જ્યારે.
કોઇ અજબ વીણાના ગાને, કોઈ મધુર મુર્તિના તાને

કોઇ અમીટ મીટના ધ્યાને
તીરછાં નયન કૈં ઢળે, હૃદય ટળવળે, કે તનડે,
તણુખ તણુખ થાય, અલી એ કેમ સહ્યું સ્હેવાય—

સતિ ઉજળી— (ગઝલ)

નથી સુખચેનની છાયા, સુખડ સંસારની માયા,
અકળ સંસારની ઘટના, રચી વીપરિત જગરાયા,
ઘડીમાં હર્ષ છલકાતો, પલકમાં આપૂતો પુરી,
કદી હો લગ્નનો ઉત્સવ, કદી જલ્લાદની છુરી.
સમજીએ આ જગત જંજાળ ખોટા રંગ સંધ્યાના,
પછી થાનાર ઘટનાના હરખ ને શોક તે શ્યાના.

અનંગ પદમા— (રાગ ગરબી રાસ)

રસીલાજીરે મનમાં વેદના શાને જગાડી.
અલબેલા ! રજની કયારે વીતાડી ?–હો રસીલાજી.
વીતી પાસાં બદલતાં વેરણુ થઈને રાત;
તોયે ના આવ્યા કંથજી, ! છેવટ થયો પ્રભાત;
જાણ્યું ન છેલ ! ધુતારા હશો આવા
બોલ્યું ન પાળનાર જુઠા ઠગારા–હો રસીલાજી
પાસ હવે નહિ આવશો, કરો દુરથી વાત;
મોતી તો મોઘાં નથી મોઘો છે જગતાત
છળશો નહિ છેલા ! છળબળથી નારી,
આંખ કામણુગારી મારી;

સમજો રસ બેલા ! છેડ ના આ સારી,
છેડો છોડો હું હારી–હો રસીલાજી
માલવ પતી— (કોમીક દીલકે છાલે)
ઓ જાનેવાલેરે ચખતાજા લહજજત પાનકી;
ઓ દીલકે છાલેરે રખતાજા આદત પાનકી,
પાન કડક મલબારી લાયા કડક સોપારી ડાલી;
કડક મસાલેદાર બનાયા ખાયે કડક બંગાલી—
ઉધારકા બયપાર ન કરના પકડકે ગુરૂકા ચેલા;
યું ન કહે કોઇ ઉધારીચા વેપાર કશાલા કેલા;
રામાયણ—
જો હય મંજૂર :ધન–રહ્યા, તો ધનવાનો બનો દાની,
કુએંસે જલ ન નિકલેગા, તો સડ જાયેગા સબ પાની.
દિયા જલ હમકો બાદલને, તો ઉંચા હો ગયા બાદલ,
રહા નીચાહી સાગર, હય અદાતાકો પશેમાની.
કોઇ મસ્તા હય ધન દેકર, કોઇ દેતા હય ધન મસ્કર,
જરાસે ફર્કમેં બન જાતે હેં “જ્ઞાની” કે “અજ્ઞાની”
અનંગ પદમા— (સાખી)
પામી મનુષ્ય દેહ આ સુકૃત જો ન કરાય;
જાત કજાત ગણાય ને માત તાત લજવાય.
છે પરસ્રી સંગત ઝેર હળાહળ જીવન તન ધનને હરશે.
જન જે પડશે એ મોહકુપમાં મ્હોત વિના તે સૌ મરશે.

નહીં અંધ બનીને અધર્મ કરવો અભીમાને મરડાઈ કદી;
લાખ શુર રાવણુ કીચક સમ રણુમાં ક્ષણુમાં ગયા ખપી.
પર દોલત માનો પત્થર જેવી, પરસ્ત્રી જાણો માત સમાન;
એ વેદ વાકયને જો અનુસરશો તો અંતે મળશે ભગવાન.

વીર પુજન— બાળકોનો અફસોસ.

આ બાલ્ય વયમાં કોઇના માતા પિતા મરશો નહીં
ઓ ઇશ આવો કોપ બાલકની ઉપર કરશો નહી
માતા પીતાનો આશરો આખા જગતમાં કયાં મળે ?
માબાપ જાતા બાલ સૌ બેહાલ થઇને ટળવળે
માતા તમારા સ્નેહનાં બે આંસુડાં સ્વીકારજો
ઓ તાત આ બે બાલકોને સ્વર્ગમાં સંભારજો.

ગાફીલ મુસાફર—

દુનીયાંમેં જો ચલા નેકી પર બેડા ઉસકા પાર હુવા,
માલ ખરીદા જીસને અચ્છા નફા મીલા જરદાર હુવા.
ખોટા સઓદા જીસને કીયા નુકશાન ઉઠાયા ખાર હુવા,
પરખા જીસને અપને આપકો, દીલકી કસોટીપર કસકર;
શરમીન્દા ફીર દુનીયામે ઇનસાન ન વોહ જીનહાર હુવા.

અનંગ પદમાં— (કોમીક)

હાથ છોડો કંકણુ નંદાએ
ઓહ હાય વોય વોય
રૂપ જોઈ મને કાંઈ કાંઇ થાયે;

અરે હાય હાય હાય.
છોડો છબીલા હું ગઇ હારી
બળી તમારી ટેવ નઠારી;
—છોડો છોડો મારો હાથ મરડાઇ જાય છે.
—મારા નાનાભાઇની ભાભી એમાં શું થાય છે ?
—મારો જીવ જાય છે. બહુ દુઃખ થાય છે;
તારા નખરાથી મને આમ આમ થાય છે.
અરે હાય હાય હાય—હાથ છોડો.

વીર પુજન— (રાગ ગઝલ કવ્વાલી)

આજ્ઞા ધરે માબાપની શીરે જે બાળકો
સેવે સદા માબાપને છે ધન્ય બાળકો
સેવે સદા માબાપને છે ધન્ય બાળકો
માતા પીતાના ચરણમા દેવો બધા વસે
તેની સેવા કરે તે બાળકો સુખી થશે
શાણા શ્રવણ પ્રભાકરે સેવ્યા છે પીતૃઓ
માતા પીતાના દોષમે કદી નહી જુઓ

દેવકન્યા—

મુને ઘેલી કીધી છે નંદલાલે, છેતર્યા છોગાળે.
મુને મારી નયનોનાં બાણ, છેતર્યા છોગાળે.
કોરી લીધું છે એણેજ કાળજડું મારૂં સખી,
ભુલી હું તો સાન ભાન, છેતર્યાં છોગાળે—મુને૦

મુરલી મધુરી વાગતી, વેધક નાદ અખંડ.
મોહન મંત્ર સખી ભર્યો, લોભાવે મુજ મન.
આસો માસે અટપટો, શ્યામળીયાજીરે વ્હાલા—સુને૦

અનંગ પદમા— (રાગ કવ્વાલી)
અભાગી જો જાગી પળમાં આંખ મીંચાશે;
ભલાઈ કરી લે કાંઈ સુખી તો થવાશે,
અમર થવાનું નથી કોઇપણ મરણ ભમે માથે.
સુખ સાહ્યબી સઘળું છોડી જાવું છે જીવડા ખાલી હાથે,
ઓ જીવડા! ખાલી હાથે—અભાગી.
સગાં સંબંધી દુર થશે જ્યા ચડયો ચીતા માથે;
પાપ પુન્ય બે વસ્તુ કેવળ છેવટની સાથી છે સંગાથે.
કર મૈત્રી ધર્મ સાથે.—અભાગી

દોવતે જંગ— ઉરદુ ગઝલ.
ક્યા ગમ જો કટ રહા હય એ બાત સર હમારા.
હાં ચીર કરતો દેખે કોઈ જીગર હમારા.
બરહક હય જબકે મરના ફીર ઉસ્મે આજકાલ ક્યા.
હોનાહીથા જહાંસે એકદીન સફર હમારા.
ક્યા જીન્દગીકી રાહત ક્યા રંજે મરગે ગુરબત
ઇસજાભી ઘર હમારા ઉસજાભી ઘર હમારા.
ઈન્સાંકી જીન્દગીમેં કબ કદ્રો મજીલત હય.
મર કર ખલીલ હોગા હર દીલમે ઘર હમારા.

મતલબી દુનીયા— (જમાનાકા રંગ)

દેખા એહ આજ મયને, જમાના બદલ ગયા !
આંખે બદલ ગઇ હંય ફ્રુંસાના બદલ ગયા !
ફીતરતકે હર અસરમે, હુવા કયુંયહે ઇનકેલાબ ?
પાની ફ્રુલરૂપે, ખેતમે દાના, બદલ ગયા ! !
સુજકો હય એહ તાઅજ્જુબ, એહ ઇનકેલાબ કયસા ?
દુનીયામે આ ગયા હય, દેખોરે અજબ કયસા ?

અનંગ પદમા— (રાગ કવાલી)

પ્રમદાને પિયુની પ્રીતી, જીવનનો સાર છે.
સર્વ સાર અસાર જો; નહીં પ્રેમમય સંસાર છે,
દુઃખભારમાં સંસારમાં પિયુ પ્રીતી સુખ ભંડાર છે.
નરનાર સહુને સ્નેહ વિના જીવન એ દુઃખભાર છે.
સહવાસ કે વનવાસમાં બસ પ્રેમ સુખ આધાર છે;
મર્મ એ સમજે નહીં તેને ખરે ધીક્કાર છે;
જે દંપતી પ્રેમ વસે તેનો સફળ અવતાર છે.

દોલતે જંગ— (ઉરદુ ગઝલ.)

કરજેસે તંગ હય જાન મેરી દીલ હરદમ રોતા હય,
ખુલ્લા હય જેલકા દરવાજા દમ ઠંડા હોતા હય.
વારંટકા ડંકા ખાકર બંદા જેલમેં સોતા હય,
ઈસ ફીકરમેં હરઘર જાનકો ખોતા હય.

બુરી બલા યારો યે કર્જ હય,
મરનેકી તર્જ હય બચાવ ફર્જ હય.
ઈસી લીયે મેરી યે અર્જ હય,
બુરા યે મર્જ હય બચો હરઆન.
કર્જકે ચકકરમેં પડકર બીગાડા હય લીવરકા મીટર;
હય બદલે મોટરકે ખચ્ચર
વીસ્કી હય ન સોડાવોટર

ઉસ્તાદી— (નયનોકા જુલમ)

પ્યારે તોરે નયનાં રે સીતમ કરે,
સીતમ કરે, (અરે વાહ વાહ) જુલમ કરે;
(હાય હાય)! ગજબ કરે:—પ્યારે.
હય ગજબ આંખોમેં, સુરમા લગાયા ન કરો,
ઉમ્ર બાલી હય, અભી પાન ચબાયા ન કરો.
હમારે સામને ગયરોંકો, બુલાયા ન કરો,
મુફ્તમેં જાન મેરી, અબતો જલાયા ન કરો:—પ્યારે.
ઇધર મીસ્સીકી હવમ, ઔર પાનકી લાલી,
ઇધર જુગનુંકી ચમક, ઔર કાનકી બાલી.
યારહી જુલ્ફ ઘટા, છા રહી કાલી કાલી,
તેજી કટાર ન મારો, સૈયાં મય મતવાલી,
જાદુ ભરીયાં નયનાં તેજી જખમે જીગરકો સતાયેરેં-સીતમ કરે.

અનંગ પદ્મા—

—રસીલી હું જોબન ઘેલી છું નાર.
નયન ઇસારે, કારી કટારે;
કામીને કરૂં ઘાયલ હું નિરધાર—રસીલી.
રૂપ જોઈને દાના દીવાના થાયે;
જ્યાં જાઉં ત્યાં લોકો રાહે છુપાયે;
અવળચંડા મારી આડે ફરીને
અડપલાં કરે છે હજાર—રસીલી.

દોલતે જંગ— (ઉરદુ ગઝલ)

મેરે દીલકો દીલ ન સમઝો મેરી જાંકો જાં ન સમઝો,
કોઇ ઔર બોલતા હૈ ય મેરી જબા ન સમજો.
હુવા જલકે દુર ઠંડા મય સીલગ રહેહું અબતક,
મેરી આહકાયે ધુંવા ઉસે આસમાંન સમઝો.
મંચને વો શરાબ પીથી જો અજલકે દીન ખીંચીથી,
વો પી મય કહા હું ઉસે નવજવાં ન સમઝો.
અય બાગબાં યે ગુલ્સેન દીલ લગાના હમદમ,
યે આશકોકા મદફન ઈસ્સે ગુલીસ્તાં સમઝો.

પુંડલીક—
ફૂળે ફૂળ ફરી ફૂળેરે, વિચારી વખત વાવણી કર્યે,
પાપથી ડરી ડરી ડગલાં ભર્યે.—ફૂળે.
પસ્તાવો પાતકને હરતો નિર્મળ બુદ્ધિ કરે.
પોતાના કરવાને પ્રભુજી ધરે કસોટી પરે,
પાપના પુંજ બધા પર જળે.—ફૂળે.
થયું થવાનું હવે થશે ના રૂદન કર્યે શું વળે,
ભુત ભૂલી વર્તમાન વિચારે ભવિષ્ય પણ સુધરે,
ભલું ભગવાન ભલાનું કરે.—ફૂળે.

સીરાજુદદૌલા— (કોઝલ)
શું કામના મોટા સમુદર તૃષા કોઇની ના ટાળે,
એથી ભલી ન્હાની નદી જ્યાં સર્વને શાંતિ મળે;
સુખીઆં ખરાં તો એજ જે દુઃખીઆં જનોનાં દુઃખ હરે,
મ્હોટાં મનાતાં તેજ જે ન્હાનાં ઉપર કરૂણા કરે.

વીર માનસિંહ—
હિંદ ભુમિ છે માત અમારી, પ્રભુ અમારો તાત
માનવ જાત વસે આલમ તે, બધા અમારા ભ્રાત
પ્રજા અને રાજા બન્ને, છે એક એકના દાસ,
ધર્મ ભુલે રાજા રૈયત તો નક્કી થાય વિનાશ.

સાખી { જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી,
અન્યાયથી જે રાજ્ય કરતો, રાજ્ય એ ટકતો નથી.

સાખી { માની પ્રજાને તુચ્છ જે નૃપ ગર્વથી કુલાય છે,
તે જાણુતો નથી ઝાઝી કીડી, સાપ તાણી જાય છે.

આંખ ઉઘાડી જુઓ બાદશાહ ! કોણ રંક ને રાય ?
માટીની કાયા છે સહુની, માટીમાંજ સમાય.

પુંડલીક— (પાપી જીવને) બોધ

જીંદગાની ગુમાવી એળે તારી પાપી જીવડા;
તજી માતા પીતાની સેવા નિર્દય મનનારે
નિર્લજ થઇ નાચ્યો નારી નયણે નચાવીયોરે
શુદ્ધ સતીની પ્રીતિ ટાળી—પાપી.
નાણું ખર્ચ્યે ના સ્નેહી માબાપ સાંપડેરે,
કલ્પતરૂને નાખ્યું બાળી—પાપી.
દયાતણું દુધ મુરખા ઢોળ્યું તેં ધુળમાંરે,
જનુનીને ફોકટ ભારે મારી.—પાપી.

સીરાજુદઉલા— (ગઝલ)

એ ગઈ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુચી જીગરમાં.—
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં.—
ગાલો મહીં લાખો ગુલોની લાલી છુપાવી,
ઉભી'તી નજાકત ભરી એ સ્હેકે કમર ત્યાં.—
પરવા ન તાજો તખ્તની એ નાજો અદા પર,
વણમુલ વેચાયા અમે માશુકના કરમાં.—

જયદેવ—
બાઇ મ્હારી ફુલવાડી શ્યામે લુંટી
ફુલ મહારાં મોંઘેરાં લીધાં ચુંટી–બાઇ૦
છાનો આવીને છુપાયે,
હવે શું કરૂં ઉપાય મારી ધીરજ ખુટી–બાઇ૦
પુછું ત્યારે પાય લાગે
કાલો થઇ માફી માગે (૨)
કરૂં વશ કેમ એને કોઇ તો બતાવો બુટી–બાઇ૦
પુંડલીક—   રાગ (સાખી)
સ્વાર્થની યારી, સઘળે નિહાળી,
થઈ ના થાનારી પ્રેમહા પ્યારી.—સ્વાર્થની.
જગ સર્વ દીઠું, વદે મુખે મીઠું,
ઉર માંહી ધારી રૂપાળી.—સ્વાર્થની.
દોસ્ત બને નહી દુઃખ તણા, સુખનાં સાથી થાય,
વસંતનાં વન પંખીડા ગ્રીષ્મે ઉડી જાય.—સ્વાર્થની.
સીરાજુદદૌલા— (પ્રેમનો અજબ રંગ)
પૂછો કોઈ પરવાન ને !
શમા પર બળી મરવાને, અમીરા થતા એ શાને ?
ન જાણે કોઇ એમાં મજા શું દીવાનાને;—
દીપકમાં જળકી રહ્યો, અજબ પ્રેમનો રંગ;
સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ

જીવન નૌકા—

અમારા સ્નેહ ભર્યાં સન્માન
સોહાગી સ્વીકારજો હો રાજ
હૃદય નંદન વનમાં પુલપાન-સોહાગી સ્વીકારજો હો રાજ
મન મંદીર અધીક અજવાળ્યું,
ઉર આસન સુંદર બીછાવ્યું
અમોલ પ્રીતી દાન રસીકને (૨) —સોહાગી
પ્રેમ અંજલી ભેટ ગૃહીને
વ્હાલ વધારો વ્હાલા રહીને
અરપ્યાં તન મન પ્રાણ ચરણમાં (૨) —સોહાગી

પુંડલીક— રાગ ગઝલ

બતાવે કર્મ તું આ શા તમાશા;
આપી ન્યાયીને છેક નિરાશા.-બતાવે.
જળને સ્થાને સ્થળ તું કરે ને જડ ચૈતન્ય જણાય
સબળ પુરાવા નિષ્ફળ થાતાં, જય જુઠાનો થાય
સર્વે ઉંધા પડતા પાસા.—બતાવે,
ધાડ પડે ધર્મીને દ્વારે, અતિ બળીયા અકળાય,
કુડ કૃતિ ગતિ કર્મ તહારી પાર ન પામી શકાય.
ખોટી અનેરી ત્હારી આશા—બતાવે.

સંસાર સાગર— (ગઝલ)

રસીલાં હૃદયના કોઇએ કરો ના ભરોસા,
જે બળતા અંગાર સમા એ બાળી જશે.—

પુષ્પો સુંવાળાં માની પ્રીતે સાચવશો તોયે;
કારમા ડંખ તમને મારી જશે..................
ભોળાં પ્રવાસી મનોરથ ઘેલાં;
જગતના પંથ બાપુ ! કાંટા ભરેલા,
ફૂલોનાં બીછાનાં માની ભરમે ના ભૂલતાં.
પાસે જશો તો ઝેરી નાગો હશે.—

સંસાર સાગર— (ગઝલ)

જીવ બાળીને જીવાશે ક્યાં સુધી ?
આગ દિલડાંની છુપાશે ક્યાં સુધી ?—
જીગરને પૂછી જુવો તો એ કહે,
કે જુવાની વ્યર્થ જાશે ક્યાં સુધી ?—
કામનો અગ્નિ બુઝાવા આંખથી
આંસુઓ ઢાળી શકાશે ક્યાં સુધી ?—
છે પીયૂષ પાસે છતાં સંકોચમાં,
સાવ તરસ્યાં રહી શકાશે ક્યાં સુધી ?—

શુકદેવજી—

(શુકદેવજી અને ગંગામૈયાનો સંવાદ.)

—મ્હારે જન્મ નથી લેવો

ઓ જમના મૈયા, મારે જનમ નથી લેવો.
હું તો જનમ જોગી એવો.
ઓ જમના મૈયા, મારે જનમ નથી લેવો.

—આતે તમારો જોગ કેવો?

જનમ જોગી, આતે તમારો જોગ કેવો?

—અભય કવચ, તને આપું તો વ્હાલારે.

ના હોય ટાઢ કે પરસેવો— જનમ જોગી.

—પહેરવાની બાધા મ્હારે, ઓઢવાની બાધારે;

અમે ધર્યો છે જોગ એવો— ઓ જમના.

—અક્ષય પાત્ર હું, આપું છું વ્હાલારે,

જમો મીઠાઇ ને મેવો— જનમ જોગી.

—ખાવાની બાધા મ્હારે, પીવાની બાધારે;

મેં તો કર્યો છે નીમ એવો— ઓ ગંગામૈયા.

—વેદ ચારેનું જ્ઞાન, પામ્યો તું વ્હાલારે;

શ્રુતિ સ્મૃતિનો સાર લેવો— જનમ જોગી.

—શ્રુતિ ને સ્મૃતિ મ્હારે નામ હરિનુંરે,

હું તો જનમ જોગી એવો— સરસ્વતિ મૈયા.

સ્નેહ-સુધા— સ્નેહનાં (મઘમઘતાં ફુલ)

લ્યો માંઠાંને મઘમઘતાં ફુલ.

કહો મૂલ.

ફુલ એનાં અણમુલ,

મારૂં જીવન ધન ફુલ.....................લ્યો.

પરીમલ પ્રીતમ પ્યારનો સાચી જીવન લ્હાણુ

પ્રેમકાજ કુરબાન છે તનધન જીવન પ્રાણ

સુખ સૃષ્ટીમાં અતુલ પ્રેમ માંહી વસુલ

ગાફીલ મુસાફીર— (હોલી)

ફરમાતે હું એ જનાબ, કે હોલી સુનાઇયે,
ક્યુંકર સુનાએં ? આપહી ગાકર બતાઇયે;
અબતક પુરાને મુજરેકે, વાપસ મીલે ન દામ ?
નવાબ સાહેબ, સીધી તરેહ દામ લઇયે.
કઓન ખેલે સખીરી, અયસી હોલી ?
ઉંચી દુકાનકા, ફીકા પકવાન હુએ,
ખાકર ક્યા ગાઉં, મય હોલી ?

અનંગ પદમા— (કવાલી)

જુઠો આ સંસાર છે સહુ જુઠો કારભાર
જુઠો કારભાર જગનો જુઠો છે વ્હેવાર
સર્વે સારઅસાર; મૂરખા ! સમજ લગાર—જુઠો.
ખેલ ખલકનો સઘળો ખોટો જેમ વિદ્યુત ચમકાર
જાદુગરની બાજી માફક સાર નહીં તલભાર—મૂરખા
અલ્પ આયુ છે તારૂં જીવડા કરજે પર ઉપકાર;
'ભૂતદયા' એ સૂત્ર શીખજે તરવા આ ભવપાર—મૂરખા

દોલતે જંગ— (ઉરદુ ગાયન)

ગોરે ગોરે ગાલોંકી જાન કુછ જકાત દો,
ભુંડી ચાલે ચલકર નાશાતર કા માતદો;
પૈયાં પડું છાંડો ઐયાં મોરી ઉઇ હાય,
ક્યા કહેને જીદ ન હટીલી ઓ ચતુરનાર;

હાથા પાઈ કરકે જાન મુજકો આતા નહીં,
અંગીયાં કે બંદ તુટે જોબન રૂકતા નહિ.
દઈયા કયા કરૂ મંચ હાય,
લીલ્લાહ એક બોસાદો;
કુછતો દયા કરો.
કુછતો નેક કામમેં અય જાન મેરા સાથ દો.

મતલબી દુનીઆ— (નાચનું ગાયન)

ગઈ મેરી જાન રે! ઘુંગરૂ છુડાદે અપ સુબહાન!
નાચ નાચકર મય થક ગઈ, પીશવાજસે મય દબ ગઈ!
તાતા થઈયા કરતે મર ગઈ, મુઝે દે અમાન રે!-ઘુંગરૂ૦
નીગોડા એહ તબલા પુટે, સારંગીકી તારે ટુટે,
મનજીરેકી ટન ટનસે, એહ કુટે મેરે કાન રે!
ઉસતાદોંકી નાહક ઝીડકી, નાયકાકી ઉસપર ઘુરકી,
જલ જાએ કુમરીકી મુરકી, છુડા મેરી તાન રે!

સ્નેહ-સુધા— (દગલબાજ દુનિયા)

-દગલબાજો આ દુનિયામાં થયા નથી, કોઈના ન થનાર
બધો છળકપટ ભર્યો સંસાર,
સ્વારથની સઘળે મારામાર.
સર્યો પછી સહુ જાણે; પોબાર........દગલબાજો.
દુધ પાશો સર્પને પણ ઝેર તેનું તો થશે
લાડ કરશો શ્વાનને પણ આખરે ભસવા ધસે

ઉપકાર કરશો નીચપર અપકાર બદલો આપશે
છે ઇશ્વરી એ કાયદો સહુ જાતપર અંતે જશે
અગ્નીની પ્રીતનો જે સાર
સળગતાં કરે સુખી સંસાર
દગો નાથ સજો કોયનો યાર..............દગલબાજો.

ભાગ્યોદય—

વ્હાલોજી પીયા ખેલો આજ હોરી.
તારી રંગ ભરી પીચકારી સોનેરી,
દેહ ભીંજાય જો, ગોરી ગોરી મોરી—વ્હાલોજી.
તું વસંતની વેલડી, લહેરે લળી લળી જાય,
તેમ તેમ મોહન મંત્રથી, મુજ મન ઝોલાં ખાય.
પીયા તારાં ઘેરાં નેનાં, કસુંબલ ઘેર્યાં નેનાં,
ઝોકે નાં જાજો વ્હાલા, રંગ ચુવેને ભીંજાય સાડી મોરી—વ્હાલોજી

સાચો સંન્યાસ—

આવાં મીઠાં વેણુથી, આમંત્રણ જ્યાં થાય.
અમ સરખાં માણસ થકી, ના તે કયમ કહેવાય ?
હાં પુલડાં વીણવા કદિ આવશું, મધુરાં ફુલડાં વીણવા કદિ આવશું.
પંકજશાં આ પગલે, ક્યારે સોહાવશો પુલવાડી ?
ધીરા હો રાજ—મધુરાં,
તમારી વાડીનાં મોંઘેરાં ફુલ, ગુંથી કરૂં ઓઢણી અણમુલ,
ધરૂં અંગે, ઉછરંગે, રૂપ આ છલકાઇ જાય. ધીરા હો રાજ—મધુરાં.

સિરાજુદઉલા— (કરણીના ફળ)
જેવી કરે જે કરણી તેવી તરત ફળે છે,
બદલો બુરાં ભલાનો અહીંનો અહીં મળે છે.—
ઉંચે ચડે છે ત્યારે સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે ત્યારે સમજ પડે છે—
હસ્તાઓને રડાવે રોતા ઉપર હસે જે,
આપ્યા વિના ન મળશે વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એજ કુદરત અહીંનો અહીં કરે છે—

ચલતા પૂર્જા— (ગઝલ)
મુરખ છાંડ વૃથા અભિમાન, અવસર બીત ચલ્યો.
હય તેરા દો દિનકો મહેમાન અવસર બીત ચલ્યો હય.
ભુપ અનેક ભયે પૃથ્વિ પર, તેજ બલવાન,
કઉન બચ્યો યા કાલ ગાલતે, મિટ ગયે નામ નિશાન.
અંત સમય સબહીકો તજકર, જાય બસે શમશાન,
ધવલ ધામ ધન ગજ રથ સેના નારી ચંદ્ર સમાન.
રે મન મુંઢ અંત જીન ભટકે મેરો કહ્યો અબ માન;
નારાયણ બ્રજરાજ કુંવરસો, બેગહી કર પહીચાન.

સ્નેહ-સુધા— રાગ-(ગરબો) રાસ
—વાલમ નહિરે જાવા દઉં રાજ
આજની રાતડી રાખું રે
કંથજી કેદી બનાવું આજ

નેહના નેવલમાં નાખું રે... .... વાલમ.
દીવસ ન જાયે દોહ્યલા, વિયોગ નહી વેઠાય,
વીયોગની વસમી ઘડી જુગના જેવી જાય
કાળજાની કોરરે ચીતડાનો ચોરરે.
હૈડાનો હારરે વ્હાલો રમાડે વિલાસમાં
ભલે હોય ગોળડી જીભે હોય જોરડી
વ્હાલો રમાડે વિલાસમાં   કાળજાની.
આપી અમને વાયદા, આવો નહિં મહારાજ
આવ્યા આજ હાથમાં કેમ જવા દઊં રાજ
અણધારી આ સુખની રાત મળી
બહુ દીનની આશા મારી આજ ફળી
લ્હેર લ્હેરરે વાલમજી સંગે લેશું હો લ્હેર

સિરાજુદઉલા— (ડગમગતી નૈયા)
સ્વાતંત્ર્ય તણાં સ્મરણો સ્મરણો રહી જવાનાં.
વીરતા બતાવવાના એ વહી ગયા જમાના—
તોફાન છે ભર દરીયે ડગમગતી દેશનૈયા,
સુકાની સુખે સેવે ઘરમાં વિલાસ શૈય્યા,
એ દેશભકિત શક્તીનાં લીલામ છે થવાના—
શરતનું મેદાન થશે ભુમી આ અમારી,
વેપાર સુખે કરશે જ્યાં રાજ કર્મચારી;
અણમુલ રત્ન દેશનાં વિદેશમાં જવાના—

સુલનો ભોગ—

મંચ કયસે ભરૂં પનીયા રે પનઘટપે,
નટખટ બોલત ઘુંઘટ ખોલત;
નૈન નચાવે કનૈયાંરે પનઘટપે—મંચ કયસે.
પ્યાસે પનઘટપે હુએ જબ, નચનવા ઘનશ્યામકા,
ઢુંઢતે લગે નાચને, દીવાના અમૃત જામકા.
પનઘટસે કહાં તું ભાગતી, પૂરીયાદસે હય કામ ક્યા,
ઘટઘટમેં બાસી હય સદા, વો કાન ગોકુલ ગામકા
લાજ ધરત નાહી જાદુ કરત વાહી, બંસીવાલા કનાઈ,
ડરત પ્રીરત કામનીયાંરે પનઘટપે—મંચ કયસે.

સિરાજુદઉલા— (સબર કયાં સુધી કરવી)
મધરાતડી વીતી ગઇ પણ આંખડી હજી ના મળી.
નુરેનઝર થઇ આકુળી દીલબર વિના બેબાકળી.-
રશ્કે કમરની રોશનીથી રોશની ઝાંખી થઈ;
એ રોશનીને શું કરૂં દીલ રોશની ના ઝળહળી.-
કયાં સુધી કરવી સબર દીલદારને કંઈ ના કદર,
એ સબરમાં ને સબરમાં દીલદાર થઇ ગઈ દુબળી.-

નુરે વતન— —: ઉસ્તાદી :—
ઝુમત આવે શામ મનવાલા,
એક હાથમે પ્રેમકી બોતલ, દુજે હાતમે પ્યાલા;
દેખો સખીરી લીપટ ન જાએ.

તુટ ન જાએ મેરી મોતનકી માલા,
ઝુમત આવે શામ મતવલા.

સ્નેહ-સુધા— (મસ્તાન જોબન)

—આવ્યું જોબનીયું આવું શા માટે મસ્તાન
હું દીવાની બની. દીવાની બની... આવ્યું૦
મીઠું રસીલું દર્દ મુજને કંઇ થાય છે
દર્દે દુખાઇ મારૂં મનડું મુંઝાય છે
શું કરૂં ઉપાયના મારથી સમજાય.... હું૦
ઓબે જુવાની મારી ચાલી આ જાય છે.
જોબન વનમાળી વીના ખીલી કરમાય છે
લ્હાણુ ના લેવાય સ્નેહ સાગર સુકાય હું૦ દીવાની

સીરાજુદ્દૌલા— (વર વહુની વાતો)

વર વહુના ઝગડાની વાતો હોયે સાર વિનાની,
પણ સાંભળવી ગમતી સહુને સહુએ રાખે છાની-વાતો.
વહુરાણી વરજીને મનનો મોર કહી બોલાવે,
મીઠી મેના કહી વહુને વરજી લાડ લડાવે,
મોટાને મોંઢે શું કહીએ નાનાની નાદાની-વાતો
વગર કારણે રીસાતાં ને રોતાં હસતાં હસતાં,
પાછાં તરત મનાતાં પાસે આવે ખસતાં ખસતાં,
એક બીજાનાં આંસુ લુછી કરતાં ખેંચાતાણી-
અવસર મળતાં વરને ખુણે છુપાઇ છાનાંમાનાં,

લયલી ને મજનુના નાટક ભજવે બની દીવાનાં,
અને બે ઘડી મસ્ત બીચારાં બાજીરાવ મસ્તાની-

રાણા પ્રતાપ— —: ગઝલ :—

બલિદાન માંગતી હોય, માતા તો ક્યું છુપાઉં,
કિસ રોજકે લિયે હય, યે ક્યું કામમેં ન લાઉં.
જન્મભુમી જનનીકો, સંતાનકી દરકાર હય,
તબ ન આને કામ વો, સંતાનકો ધીક્કાર હય.
જબ બુલાવા દેશકા આયા, મંય ક્યું બયઠા રહું ?
યે તો ધન હય. પ્રાનભી જો ચાહો તો તૈયાર હય.
જીસ :મીટ્ટીસે બનાહું, જીસ મીટ્ટીસે પલાહું,
ઉસ મીટ્ટીમેંહી મીલકે, કર્જ ન :ક્યું ચુકાઉં-બલિ.

પુડલીક— (રાગ ભજન)

સાચું હરિ સમરણ કર હર ઘડી,
શીર કાળ રહ્યો ગડગડી—સાચું,
કુંડળ વરણી કોમળ :કાયા, માંહે લોહી માંસ ભરાયાં,
જુઠી કાયા જુઠી માયા, મુરખા અંધ થઇ મોહાયા,
સદગુરૂ બુટ્ટી ન જડી—સાચું
તન જોબન ધન વાદળ છાયા, નારી વિષય સુખ વાયુ વાયા
એ સુખમાં સહુએ પસ્તાયા; રોયા કંઇ રાણા કંઈ રાયા;
જમની ફોજું જ્યારે ચઢી—સાચું.

સીશજીદઉલા— (પીયુની પહેલી પ્રીત) કોમીક

કાંટો વાગ્યો રે મારે કાળજે,
જરી જરીમાં જીવડો ઉંડો જાય રે–
પહેલે આણે હું આવી સાસરે,
પ્હેલી પ્રીતમાં પીયુડો મારો હું થકી રીસાયરે;
વીત્યો વસંત વાત વાતમાં
તોય અમારાં રીસામણાં રોજ વધતાં જાયરે–
ચૈત્ર વૈશાખ લાગે દોહ્યલા,
એક તો અમે બળ્યાં જળ્યાં એમાં વાયરા ઉના વાયરે.
બચપણ સારૂં હતું એ સાંભરે.
મુઈ જુવાની ને લ્હાવ બળ્યા આ હાય મા કેમ ખમાયરે–

નુરેવતન—

બજારે ઈશ્કમે અહાક હ્રય કોઈ પુકારે!
મઓસમી મેવા હું મએ સસ્તા ખરીદારો!!
સીનેપે ઉભરે હુવે દો અનાર હુએ.
દીન એક શબાબકે હએસે પુર બહાર હુએ!
"ન કોઇ મુજકો એક હરમાએ ભૂવફા દીલ હું."
"અનોખી, જીન્સ હું, પ્યારા હું, બાયલા દીલ હું."
"બરી હએ દર્દ મહબ્બતને બીજલીયાં મુજમેં."
"ખરીદ લે કોઈ મુજકો કે સુલાબુલા દીલ હું."

પુંઠલીક—

જ્યાં કુદરત સાધન સબળ ભાસું ત્યાં શું ભરવું શું ભરવું.
નિર્બંધને હોયે ના ડરવું
સંતોષીને શું સંઘરવું—જ્યાં.
વાદળ નિજ છાયે છાવરતું,
રવિ તેજ તિમિર સદા હરતું,
નદી ઝરણાં જળ અમૃત ઝરતું,
ફળ કંદ સુખે મન તૃપ્ત થતું.
પોષણ કુદરત સૌનું કરતું,
તજી અચળ સકળ સુખ અન્ય માર્ગમાં ઉતરવું.

સીરાજુદદોલા— (કોમીક)

મારૂં વૈષ્ણવનું ઘર વટલાવ્યું આ પાપ ક્યાંથી આવ્યું,
લજાવ્યું બાપદાદાનું નામ.
કાઢય ઘરમાંથી બ્હાર, નહિં તો થશું ન્યાત બ્હાર,
લોક કરસે ફીટકાર સુવા સુરખના જામ—

* * * *

ઠાલા મેન ઈશ્વર દેખો, શાહીકા કરાર દેખો,
દાનોકી સાઈન દેખો, દેખો લાઈન કલીઅર,

× × × ×

લંકાની લાડી દેખો, ઘોઘાનો વર દેખો,
નકલી મઠમ દેખો, વીલાયતી હજામ દેખો,
અકકરમીના કામ એવાં આબરૂ લીલામ—

ભજન—

મને કોઇ મેળાવો ગોકુળીઆ વાળો ગારૂડી
જેરે જોઈએ તેને મ્હોં માંગ્યું આપું
આલુ મારા હૈયા કેરી હાટડી —મને૦
માથે મટુકી મારી મહીની ભરેલી
પ્રેમે ભરેલી માર પારડી —મને૦
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ
ચરણ કમળ જાઉં વાટડી—મને૦

સત્તાનો મદ— નાજુકડી નાર. (ભમરીયો કુવો)
ભારી બેડાં ને હું તો નાજુકડી નાર
કેમ કરી પાણીડાં ભરાયરે ભમરીયા કુવાને કાંઠડે
ગોરી નીચી ને ઉંચા કાંઠડારે રાજ
ચડતાં કમર લચકાયરે ભમરીયા કુવાને કાંઠડે
સરકે સાલુડા નીર સીંચતારે રાજ
કોઇની નજર લાગી જાયરે...............ભમરીયા
પાણી પાણી થઇ જતીરે એવાં પાણી ભરવા કાજ
રસીલી ના જતી
સ્ત્રીના સુખને કારણે પુરૂષ થાય કુરબાન
તો પાણી ભરવા મહી શું ગાળું નુકસાન
લોકોમાં મશ્કરી થાયરે....ભમરીયા૦

સત્તાનો મદ— (હઠીલું હૈડું) ઝાંઝરનો ઝણુકાર.

પીયુને મળવા અમે ગયાં હતાં ત્યાં માન અમારૂં ગયું
ઓ સજની માન અમારૂં ગયું
મનમાં તો કૈંક મનોરથ બાંધ્યા ધાર્યું કંઇ નવ થયું
સમય સાધી હું ગઈતી મળવા કંઈ કંઇ કહેવા કંઇ સાંભળવા
વણબોલી ભાષામાં જે કંઈ કહેવાયું તે કહ્યું—અમારૂં૦
ઝાંઝર ઝમકારે ચમકાવ્યા સાન કરી કૈં સમજાવ્યા
તોય નહીં સમજ્યા નગુણા ત્યાં હૈયું હાથ ન રહ્યું—અ૦
મેં ધાર્યું કે હવે રીસાવું બોલાવે તો પણ નહીં જાવું
કહે હઠીલું હૈડું કે નહીં માનું તારૂં કહ્યું—અમારૂં૦

એક અબળા— સેકન્ડહેન્ડ સુંદરી (પસ્તાયેલાં પ્રેમદા)

તમે પહેલાં પરણેતર નહીં પ્રેમથી નીભાવ્યાં
જોઇએ બીજાને કેવા નિભાવશો
સ્નેહલગ્નની છું સુંદરી નવરંગ ભરી નારી
મારી મોહકતા સામે નીહાળશો
સેકન્ડહેન્ડ સુંદરી પસ્તાયેલાં છો પ્રેમદા
જરા જુની ટેવોને સુધારશો
મને ખાન પાન માનથી રીઝાવશો
થયાં રોજના મહેમાન એ વિચારશો
બોલી એવું કાળજડું ના બાળશો.

એક અબળા— બેમાંથી (વધે કોણ ?)
ભાભી શું ગમતું તમને કંઇ તો કહોજી અમને
પ્રેમ ગમે કે ગમતા પ્રેમી તમોને
એક વસે છે હૈડે બીજો નયનમાં
કોને વખાણું બેમાં પૂછો નયનને
ના મારા સમ તમેજ કહો ?
વ્હાલા એને તમે કે પીયુ તમને
સાંરા સમ એ ભેદ ભણાવો મને
બેમાં સ્નેહ સુધારસ કોણ કને
કોણ પાય ને કોણ પીયે રસને
વ્યર્થ સતાવો શાને શરમ તજાવો
કહેશે સાસુના જાયા મનમા મરમને
એક અબળા— (કવાલી) અધુરી આશા.
રહી ગઇ રહી ગઈ આશા અધુરી
દીલમાં રહી ગઈ રે રે
ઓ જગદીશ ભરોસે તારે
હું દુઃખીયારી થઈ સંસારે
હાર અમારી થઇ ગઇ થઈ ગઈ રે
આજ પતી હો અન્ય જનમમાં
આશ પુરૂં જે રહી ગઇ મનમાં
આ જીંદગી તો વહી ગઇ વહી ગઇરે.

એક અબળા—

સંસાર સુધરે કેમ કરી નહીં સમાન જ્યાં નરનારી
જ્યાં જુગતી જોડી હોય નહીં ત્યાં ઉભય જીવન દુઃખકારી
બાઇ બન્યા બેરીસ્ટરને બાઇ બારાખડી નવ જાણે
બાઇ જાય ભાષણ કરવા તો ભાઇ ઘોડીયાં તાણે
કોણ સમજે જવાબદારી

કોલેજ મહીં જઇ શકુન્તલાની સ્વપ્ન સૃષ્ટીઓ ઘડશે
કોઇ છાણા વીણનારી એ રસીયાને પાલે પડશે.
ભોગવશે જન્મ બીમારી

એક અબળા— (ખોટાં રીસામણાં)
તમે ખોટાં રીસામણાં છોડો,
ઓ વ્હાલી નયનોથી નયનોને જોડો
મીઠી પ્રીતડીના બંધ નહિ તોડો ઓ વ્હાલી,
તમે છોડો પાલવડાનો છેડો આવો તે શો નેડો,
મુકો મારો કેડો નહિં નાજુક વદન મચકોડો ઓ વ્હાલા,
છણકો તારો મન વસ્યો ગજરા નાના બાળ,
લાજ શરમ રાખો જરા આવા તે શા વહાલ,
તમે સાનભાન આમ કેમ ખોયાં,
તમને જોયાં ને મનડાં મોહયાં ઓ વ્હાલી
દીલડાંથી દીલડાંને જોડો,..........તમે૦

સતી અંજના— (મનડાની વાતો)

મનડાની વાતો મન સમજે,

કોઇ કંઈ સમજે કોઇ કંઈ સમજે.

સૌ સૌના મનડાને સમજે કોઇનું મનડું કોઇ શું સમજે,

કમળ પરિમળ મધુકર સમજે આમ્ર સુવાસને કોયલ સમજે.

તેમ સખી મનની વાતલડી નવ સમજુ.

નવ તું સમજે રસીલાં સમજે-મનડાની.

પોતાને જે સમજુ સમજે બીજાને અણુસમજુ સમજે.

એ રસીયાના રસની સમજણ ઘાયલ સમજે—મનડાની.

સતી અંજના— (સુંદરીઓનો સંપ)

મારૂં માનો તો પરણશો ના બાઈ

ભાયડાની જાત એને માથે વરદાન

એને કેમ કરી પુરા પડાય—મારૂં૦

શાક કહે મોળું ને દાળ કહે ખારી

એને રોટલી તો કાચી જણાય

કહેશે કઢી તો પુરી ઉકળી નથી

તો મારા લોહીના ઉકાળાઓ થાય—મારૂં૦

કરજો પ્રતીજ્ઞાઓ બ્હેનો

કુંવારી તમે પુરૂષોને પરણશો ન કયાંય

સંપ કરે દુનીયાની સઘળી સુંદરીઓ

તો કોને પરણવા જાય—મારૂં૦

સતી અંજના— (મારી એજ પ્રતિજ્ઞા)

હું નવ જોબનભરી નારીરે
છે કોમળ કાયા મારી,
પરણું કોઇ રસીક વિહારીરે
નહીં તો રહું બાળકુમારી.
જળ ભરવા કેમ જાઉં અરરર બાઇ
નાજુક પાની મચકે.
ડગલે ડગલે પગલાં અચકે, કમર સુકોમલ લચકેરે છે કોમળ
એવો રસીઓ પરણું મુજને હૈયા સરસી રાખે,
મારી હાએ હા જો કહે તો, અધર સુધારસ ચાખેરે,
છે એજ પ્રતિજ્ઞા મારી.

સતી અંજના— રાગ-(ગઝલ કવાલી)
ભાગ્યનો કરશો ભરૂસો વિશ્વમાં કોઈ નહીં,
પલટાય જ્યારે એ જગતની સાહ્યબી પલટાઈ ગઈ.
મીઠાં વચનથી ના હસો કડવા વચનથી ના રડો,
સુખનાં સગાં છે સર્વ દુઃખમાં આવશે કોઇ નહીં.
એકલાં આવ્યાં જગે ને એકલા જાવું થશે,
જંજાળ જુઠી વિશ્વની છે કોઇનું કોઇ નહીં
ભાગ્યની ભુમી ઉપર કર્મોતણા લેખો લખ્યા,
વાંચી શક્યું છે કોઇના વાંચી શકે કોઇ નહીં.

વીર માનસિહ— (તમારૂં તમને અમારૂં અમને)

તમારૂં તમને મુબારક, અમારૂં અમને સારૂં છે,
જેવું હોય તેવું પણ અમારૂં, તમથી પ્યારૂં છે-તમારૂં.
મીઠા જળની માછલી, ખારા જળમાં જાય મરી;
સાગર જીવ જીવે સાગરે, ભલે નીર ખારૂં છે-તમારૂં.
દીપક તેજ અધિક સુરજથી, પતંગની નજરે;
સુરજથી ન રીઝે એ, ભલે દીપમાં બળનારૂં છે-તમારૂં.
દેશ અમારો ધર્મ અમારો, જે જે અમારૂં છે;
અમારૂં એટલું અમને વ્હાલું, બીજું અકારૂં છે-તમારૂં.

કુમળી કુળી— રાગ-સાખી.
માત મમતાની લા'ણુ છે
જન્મ દિનમાં શું સાર છે ?
દિન ઓછા થાય છે
ગયું ગાંઠેથી જાય છે,
એમાં તો હાણુ છે-માત૦

સાખી

મંગળ સમય મોંઘો ગણી, ફોગટ સહુ પુલાય છે,
જીવન તણો શું મર્મ છે, એ તો નહિ સમજાય છે;
માતા અતિ આનંદ માને બાળ મોટું થાય છે,
જાણે નહીં મનમાં જરી, આયુષ્ય ઓછું થાય છે.-માત૦

કુમળી કળી— (કોમીક.)

હું તો તમારી વ્હાલી ભૈયાજી,
ભાંગની પાવો પ્યાલી ભૈયાજી.

સાખી.

પરણ્યો લાવે ટોપરાં, ભૈયો લાવે ગોળ;
ટોપરાં ખાધે કુચાવળે, ગળીયો લાગે મને ગોળ-હું તો૦
પરણ્યો પાએ દૂધડાં, ભૈયો પાયે ભાગ;
દુધ પીધે ઉપકા વળે, ભાવે મને તો ભાંગ-હું તો૦

કુમળી કળી— (કોમીક ગાયન)

દીલ મારૂં ડોલાવેરે ભૈયા તોરી ભંગ
અજબ ખુમારી લાવેરે ભૈયા તોરી ભંગ
ઉદાસી એ ઝટ હરતી હસતી ભરતી ઉર ઉમંગ,
અંગે રંગ રેલાવોરે, ભૈયા તોરી ભંગ—દિલ૦
આંખલડી મદઝરતી ધરતી સુરખી દિલ ખુશ રંગ,
જોબન જંગ જગાવેરે, ભૈયા તોરી ભંગ—દિલ૦

જમાનાનો રંગ— (ગઝલ-કવાલી)

વેરની વસુલાતમાં શાણા દિવાના થઇ ગયા,
સ્વાર્થના પોકારમાં ભુલી પ્રભુને તે ગયા.
પૃથુરાજ ને જયચંદનો ઇતિહાસ તો વાંચી જુઓ !
આશા અમર જ્યાં જ્યાં હતી ત્યાં હાલ શા બુરા થયા !
નિજ સ્વાર્થ માટે માધવે જો વેરની બુદ્ધિ કરી,

રસાળ ગુર્જર દેશની હા ! પાયમાલી થઈ ગઈ ! !
શાંતિ, ક્ષમા ને સ્નેહનાં ગાંધીજીના મહામંત્ર છે,
ઓ ભાઇ ! કાં ભુલો તમે એ જીંદગીનાં સૂત્ર છે.

જમાનાનો રંગ— (ફેશન ગાયન)
પ્રેઝન્ટ આપ શાણી,
ઓ નાનેરી શેઠાણી ?
તું દીલમાં કાં મુઝાણી,
—હે આપું મઝેદાર,
—બોલ બોલ.
મારા હૈયામાં આજ મને કાંટા વાગે,
—કોલર નેકટાઇના સૂટ પ્રેઝન્ટ આપું ?
આર્મીનેવીમાં ઓર્ડર આપશું.
—એમ કે ?
—ઓહ યસ માઇ ડીયર,
—થેન્ક યુ માઈ લીવર.
—ભમ્મરની પુલ છાબડી ગુંથું વચનની માળ,
માલણ બનું તુજ પ્રેમની ગુંથું પ્રેમની જાળ.
—સૂનું મારૂં દીલ છે સૂનો આ ફુલબાગ
પ્રીતિ અમૃત સીંચશો પામું હું અનુરાગ—પ્રેઝન્ટ૦

સંસાર સાગર—
હું તો નાજુક તબીયત વાળી, મારી તબીયતને સાચવજે,

મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો.
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી,
વાત કરે કોઈ ગુસ્સે થઈ તો, ધડકે છાતી મારી.
ઉઠી સવારે આઠ વાગતાં, તરતજ ચા પીનારી,
લેટ થાય જો મીનીટ એક તો, તબીયત જાશે મારી.

સંસાર સાગર—

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી;
લટકાળીને લોભાવતાં, લાડી જતી રહી.
સીધી સડક જાતો હતો, ત્યાં થાંભલો નડયો,
મોટર અમારા પ્રેમની, આડી જતી રહી.
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ન રહ્યું,
એ મોહમાં માહીમની, ખાડી જતી રહી.

સંસાર સાગર—

જવાની રાતે રીસાઈ બેઠા, મનાવા ગઈ તો કહે કે ઉંહું;
પૂછ્યું મેં છે કાંઇ ગુન્હો અમારો, કહોને કંઈ તો કહે કે ઉંહું.
ગુલાબ ડોલર ગુંથીને લાવી, પૂછ્યું કે બેમા ગમે શું તમને?
નયન નચાવી જરાક હાંસી કરી મેં, ત્યાં તો કહે કે ઉંહું.
હું યે તોફાની ને એ યે હઠીલા, નમ્યું ન બેમાં એકેય આપે;
હૃદય કહે કે કલહ તજી દો, હઠીલી જીભે કહ્યું કે ઉંહું.
મને રડાવી રડયા હતા એ, હસ્યા હસાવ્યા વિના સિધાવ્યા;
પછી મેં કાગળ લખ્યો ક્ષમાનો, જવાબમાં એ લખે છે ઉંહું.

સંસાર સાગર—

નૉનસેન્સ, એક ડગલું કેમ ભરાય ?
આ ટેન્ડર પગ લચકાય,
મુવા શૉફરને શું થાય ?
સ્કુલટાઇમ તો થયો છે ઓવર,
મોટર નવ દેખાય.

પ્રેકટીસ વીણુ કેમ ચલાય ? નહીં એટીકેટ સચવાય;
અમ્બ્રેલા તો લાવી નથી, આ તડકો કેમ સ્હેવાય ?
સ્પેકટીકલ્સ ભુલી આવી ઘેર હું, રસ્તો નવ દેખાય;
હજી સુધી રામો નથી આવ્યો, પુસ્તક કેમ ઉંચકાય ?
હવેથી ભણુવા નહીં અવાય.

સંસાર સાગર—

અમારો બંગલો સાગરને કાંઠડે, એકલડાં કેમ કરી રહીએ ?
સીમલા ને કેશ્મીર છેટા રહ્યાં,
કહો હવા ખાવાને કયાં જઇએ ?
માથેરાન દેવલાલી જોવાં ગમે નહીં,
ચાર પાંચ સીઝન રહી થાકી ગઇ;
મોટરમાં બેસવા ગમતા નથી હવે, કયારે એરોપ્લેન લઇએ ?
એવણુ અમારી સાથે આવે તો, લંડન અમેરીકા જઇએ !

સંસાર સાગર—

છે કર્મકથા મમ ન્યારી રે, હું તો ના પરણી ન કુંવારી.

હું કુલીન કુટુંબની નારી રે, ભર દુનિયામાં દુઃખીયારી,
રસિક પંખીણી રાજહંસી, સંસાર સરોવર રમતી;
હંસ બની કોઇ કાગ આવ્યો, મને છેતરી મુકી ભમતી.
પરણીને જ્યાં બની પનોતી, યુવતી બની મટી બાળા.
સૌભાગ્ય ગયાં, વિધિ વૈરી થયા, મારે કરમે આવ્યાં કાળાં.
તન સળગ્યાં, પણ મન નહીં સળગ્યાં, લાલચ ગઈ લલચાવી;
કોઇ વિલાસીએ સપડાવી, મને વનવગડામાં રખડાવી.
પ્યાલી સુધાની બતાવી ગયો, નર નટખટ વિષ પીવરાવી;
વેશ્યાને ઘર વાસ વસાવા, નિર્લજ્જ જાળ બિછાવી.
હસવા ગઇ દુનિયાને, હાથે કરી મેં હાંસી કરાવી;
કોને કહું ? કયાં જાઉં ? મને ગયું છેકજ ભાન ભુલાવી.

સિરાજુદ્દૌલા—
પૂછો કોઈ પરવાનાને !
શમા પર બળી મરવાને, અધીરા થતા એ શાને ?
ન જાણે કોઇ એમાં મજા શું દીવાનાને.
દીપકમાં ઝળકી રહ્યો, અજબ પ્રેમનો રંગ;
સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ.

સિરાજુદ્દૌલા—
એ ગઇ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,

રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં.
ગાલો મહીં લાખો ગુલોની લાલી છુપાવી,
ઉભી'તી નજાકત ભરી એ રશ્કેકમર ત્યાં.
પરવા ન તાજો તખ્તની એ નાજો અદાપર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.

સિરાજુદ્દૌલા—

મધરાતડી વીતી ગઇ પણ આંખડી હજી ના મળી,
નૂરેનજર થઇ આકુળી દીલબર વિના એ બાકળી.
રશ્કે કમરની રોશનીથી રોશની ઝાંખી થઈ;
એ રોશનીને શું કરૂં દીલ રોશની ના ઝળહળી.
ક્યાં સુધી કરવી સબર દીલદારને કૈં ના કદર,
એ સબરમાં ને સબરમાં થઈ ગઇ દુબળી.

સિરાજુદ્દૌલા— (સાખી)

જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,
બદલો બુરા ભલાચો, અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે ત્યારે, સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે.
હસતાઓને રડાવે, રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઈ, આખર નહીં રહે છે.
આપ્યા વીના ન મળશે, વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એ કુદરત, અહીંનો અહીં કરે છે.

જમાનાનો રંગ— (ગઝલ-કવ્વાલી)

અરે સંસારમાં શાણા ! સદા સંતોષમાં સુખ છે.
પ્રભુની એ મીઠી લ્હાણી લીધી તો ભાગ્ય ન્યારાં છે.
મળે કુબેરના ભંડાર કહો દિલ મસ્ત થાવું કાં ?
મળેના ભીખમાં કોડી કહો દીલમાં મુઝાવું કાં ?
અસંતોષે બલિરાજા ગયો જ્યાં સ્વર્ગસુખ લેવા,
પ્રભુ પગલે રિબાયો તે થયો ભિખારી એ પલમાં.
લખાયું ભાગ્યમાં જેવું થવાનું છે સદા તેવું,
પ્રભુને સર્વ સોંપીને સદા સંતોષમાં રે'વું.

કોલેજની કન્યા—

પ્રેમ જ્યોતી તણા ભેદ ખોલી જુઓ
રગે રગ શોધી જુઓ
અંતરપટ ખોલી જુઓ પ્રેમ૦
નથી નેન તણા ચમકારે
નથી શબ્દ તણી રસધારે
એક અંતરના શુભ દ્વારે
રસ પ્રેમ જુઓ
કાં પ્રેમ રંગ ખુઓ ? પ્રેમ૦

કોલેજની કન્યા—

પુછું એકજ વાત સુખી દીલને
દી ખોલી દીઠું દુઃખી આ દીલને —પુછું૦

કદી આંસુ તણી કણી એક પડે
છુપા ભેદ કહો તમને ન જડે? —પુછું૦
અમ અશ્રુતણું નવ મુલ્ય થશે
ભલે રત્ન ઘણા તમ પાસ હશે —પુછું૦

કોલેજની કન્યા— (છુમ છુમ ચાલ અને પ્રેમનાં પાણી)

પ્રેમ જળ ભરવાને ઘડુલી લાવજો
છુમ છુમ છુમ અમે ચાલીશું રાજ
—ચાલો ચાલો
—હાંહાંરે તમે જાઓ
રસિકવર કાંકરીયો નવ મારશો હો રાજ -પ્રેમ૦
ઉઢણુ આપો હેમનું, લચકાતી હું જાઉં,
મુકી ઘડુલી મસ્તકે, પ્રીતિ જળ હું પાઉં.

કોલેજની કન્યા—

બાળાઓ ભોળી ભરમાશો ના કપટી આ ટોળી
મીઠું વદતા ધીમું હસતા લલચાવે નારી
ડીયર ડીયર કહી ચુંબન કરતા શીખવતા યારી—બાળા૦
મોટર લાવે મોજ કરાવે પાયે ચ્હાપાણી
પરણીને તરછોડી કરતા જીંદગી ધુળધાણી—બાળા૦

કોલેજની કન્યા— આમ બાબત છે (ગઝલ-કવાલી)

જુઓ સંસારમાં કેવા, અમારા લગ્નના લ્હાવા

ન ચાહે જે તેને ચાહે, ચાહે તેને ન ગણકારે
બનાવો છે બધા અહાવા અમારા લગનના લ્હાવા

× × × ×

ચતુરને મુર્ખ પરણાવે, રસીકને શુષ્ક વળગાડે,
નહિ મન મેળ મળવાના અમારા લગનના લ્હાવા.

× × × ×

લુખા જાણે ન પ્રેમી ઘા અંતરમાં જે પડયા ઉંડા,
નહિ એ ઘા રૂઝાવાના અમારા લગનના લ્હાવા.

× × × ×

જઇશું મોક્ષ કે નરકે સમજ ના કાંઇએ અમને
નહિ કો ઠામ ઠરવાના અમારા લગનના લ્હાવા.

× × × ×

કોને કહો દોષ તો દેવા વિધીના લેખ છે એવા,
વગર મ્હોતેજ મરવાના અમારા લગનના લ્હાવા.

સૌરાષ્ટ્ર વીર—   (નાચ)

જો મેં એસા જાનતી પ્રીત કીયે દુઃખ હોય,
નગર ઢંઢેરા ફેરતી પ્રીત ન કરીયો કોય.
મોરે ઝાંઝરવા ઝનનન બાજે
સૈયાંસે કયસે મીલું મોરી સજની—મીલુ મોરી સજની.
સાસ નનંદીયાં બેરન જાગે
લાજ શરમ લોગનકી લાગે—સૈયાંસે.

મોહન મંદિરવા આયે હે
નટવરૂ નયનન તારે સખીરી મનહર તન મન પ્યારે
ધીરજ રજ નવ ધારે નિપટવા
રેના બિરહ શર મારે
સેજરીયાં કયસે જાઉં મોરી સજની–જાઉં મોરી સજની.

સૌરાષ્ટ્ર વીર—

રસીયા રસજ્ઞાન સાવ સહેલું ના જાણુશો
આકરા એના છે પ્રેમ પાઠ જીવન જુગતીથી જાણુશો
રસના પકવાન પીયુ સસ્તા ના માનશો
આપવા પડે છે પ્રાણુદામ પ્યારા પ્રસંગે પીછાણુશો
દીલડાંના દર્દ ખરાં ખોલી બતાવો
ભીતરનાં ભાવ ભર્યાં સ્નેહગીત ગાવો
પછી જોઇ લ્યો મજા મારા શ્યામ––જીવન
–મારી સુંદરી સુજાણુ મને ઓછો ન જાણુ
ચૌદ વિદ્યા કચરઘાણુ પુરો પ્રેમી માનજે
હું છું ઘાયલ દીલદાર ઝટ ઘેર હવે તું ચાલ
જોજે રસની ધમાલ ખુબ ખુલી ફાલજે.

સૌરાષ્ટ્ર વીર— (ફારસનું ગાયન)

માથે ભાંગ્યો, મુરખનો સરદાર, એ બારથાર,
જોતાં ઝાળું પ્રગટે છે મારા પંડમાં પંડમાં.
ખોટી બડાઇ પીટયો ખુબ કરે છે

ધંધાનું નામ સુણતાં મરવા પડે છે
ધમલા માળીનો અવતાર ઠંઠંપાળ-જોતાં ઝાળું.
અરરર મરજો માને બાપ, મને વળગાડયું આ પાપ,
કુવડ ફોઇએ પાડયું છે કેવું નામ?
હોય "કમો" વોય "કમો"

મીનળ-મુંજાળ— (ગઝલ-કવાલી)

વચન આપી ન પાળે જે પોતાના કહીને મારે જે!
એના ઠગ સ્વાર્થી સાથે કહી સહવાસ શા માટે?
ઉપરથી લાગે રૂપાળા પરંતુ હૃદયના કાળા,
હવે જાણ્યા છતાં પણ ઘા સહી સહવાસ શા માટે?
અમી કહી ઝેર બહુ દીધાં ભરોસે તે અમે પીધાં,
જીવન નિર્દોષના લીધાં છતાં સહવાસ શા માટે?
તવંગર હો કે હો મ્હોટા ભલે હો દેશના સુબા,
દયા ગરીબોની જાણે ના પછી સહવાસ શા માટે?

મીનળ-મુંજાળ—

લીયો રાજ ગુલાબનાં ફુલડાં!
અમોલાં અણુસુગ્યાં,
મધુરાં મૃદુ કુસુમડાં આ—લીયો૦

સુંઘેલા આજની કાલે ન કીમત પુષ્પની કંઇ છે!
શ્રીમંતોના શરણમાં જે ગરીબોની દશા એ છે.
કચરાતાં! મીંચાતાં જગમાં કંઇ કુંમળાં ફુલડાં!

કરમાતાં ! દુઃખાતાં રડતાં પ્રેમીનાં દીલડાં
પ્રેમીનાં દીલડાં-લીચો૦

મીનળ-મુંજાળ— (સાખી)

ગુજરાત જોવા જોગ છે ભલી દેવી ભુમી રૂડી,
પણ જાણવી ગુજરાતને નથી એ બાપની મુડી.
કહેશો જરા છે કેટલા વિદ્વાન ને ગુણીજન ભલા ?
સંખ્યા ગણાએ કયમ ગણી નથી એ બાપની મુડી.
મહાત્મા મહર્ષી કર્મવીરો કયાં વસે છે તે કહો ?
અધીકાર વીના પુછવું નથી એ બાપની મુડી ?
ગુજરાત રત્નની ખાણ છે કહું છું ખરૂં ભુંડી,
પણ વીના ઝવેરી જાણવું નથી એ બાપની મુડી.

વસંત-વીણા— (સાખી)

જનુની તણા છે હાથ માંહી, મોક્ષ ભુમીદ્વાર
જે તરછોડે પુનીતમાત, એવા નરને ધિક્કાર
વળી સ્વર્ગ જયોત ગૃહલક્ષ્મિ ગણાય છે
સુંદરીથી આંગણાં અનુપમ સોહાય છે
રહે દંપતી અનુરાગે "વસંત વીણા" વાગે
નહિં તો જગુ જેમ જાએ, આંખ તેજનો અંધાર

વસંત-વીણા— (કવાલી)

પ્રણયનાં પંથી પુર્ણ પ્રકાશી રે, અમીરસના પ્યાસી
હૃદયનાં પ્રિયકર પ્રેમ સુવાસીરે, પ્રેમજ અવિનાશી
પ્રાણ પ્રેમમાં પરવશ થાએ, નયનો હળતાં જાએ

અટકી અટકી ઉભરા આવે જીવન ઝોલા ખાએરે
સખી આતુરમાં આ શી કે અંતરે આતુરતા આશી
મદન મેહુલો ચડે હૃદયમાં ઘોર ઘટા થઈ જાએ,
ઝરમર ઝરમર વાદળી વરસે, સ્નેહ છલક છલકાએરે
સાચા સુખરાજી સખીરી સાચા સુખ રાશી.

વસંત-વીણા— (કોમીક ગાયન)

—મનડાનાં મોર મારા વ્હાલમાં
 મારા હૈયાના હાર જો
—રમીએ સાથે અલબેલડી
—નાનકડી લાડલીને નાનકડો લાડલો
 જામશે આ જોડ જોયા જેવી
—કનુ તનમાં લાગી તાલાવેલી
—બળ્યું મુજને બનાવી તેં ઘેલી.

વસંત-વીણા— (ગઝલ)

ભામીનીને તારનારો જગતમાં ભરથાર છે
નાથના ચરણો થકી નારી તણો ઉદ્ધાર છે
ભુલી હું ભાન બધું પ્રેમમાં એકતાર થઇ
વળી વેચાણુ હવે આપની ભરથાર થઇ
તમારી આંખડી આ રંગ બહુ બદલે છે
ઘડીમાં તીર થઈ ઘડીમાં તલવાર થઈ
થવાનું જે હતું તે બેઉ એક સાથે થયું
ઉરમાં સ્નેહ થયો આંખમાં તકરાર થઇ.

વસંત-વીણા— (ગઝલ)
માયામાં મતિમંદ થઇ જે ફરે છે
ખડખડી વિધાતા તે પર હાસ્ય કરે છે
છે ચંચળ લક્ષ્મિ જાય પલકમાં ચાલી
મનમાયાનો મદ ગુણીજન નહિં ધરે છે-માયામાં
વશ માયાનો થાનાર; નહિં સમજે કે
છે માય! નાગણી પળમાં પ્રાણ હરે છે-માયામાં.

વસંત-વીણા—
છે પરની આશા એવી
પળપળ ચમકી જાય અચાનક વીજ ગગનથી જેવી
પુરૂષાર્થ એ નિશદીન ફળશે.
મન ઇચ્છિત વસ્તુ પણ મળશે.
અમર નામના નિશ્ચય કરશે.
એજ સનાતન સીખ શાસ્ત્રની સુખકર સમજી લેવી.

વસંત-વીણા— ગઝલ (કપુતનાં કાળાં કામ)
શું આશ રાખીને પુત્ર પાળ્યો શું પુત્ર આજે કરી રહ્યો છે.
દ્રશ્ય જોતાં આ દેહ મારો પળેપળે થરથરી રહ્યા છે
દુધ પાએ દરેક માતા મેં તુજને પાયું લોહી મારૂં
કરી રહી છું હું સ્નેહ તુજપર, અને તું મુજથી ફરી રહ્યા છે
પુત્ર પાસે ઉભી રહી છું, ગરીબડી હું ગાય થઇને
છુરી લઇને કુપુત્ર હાથે જનુની કંઠે ધરી રહયો છે.

વસંત-વીણા—

અંતર આ ઉછળી રહ્યું છોગાળા એ છેલ
હળીમળી આપણુ સાથમાં ખાંતે કરશું ખેલ
ચાલો ચાલો રમવાને સાથે સ્નેહ સુકોમળ ઝરતાં
વાહવાહ કેવા અલબેલી તારા વચને પુલડાં ખરતાં
હૈયાહારને હૈયે હિંચોળું
ભોળી બાળ તારૂં દીલડું ભોળું
સ્વર્ગની સુખ કયારી મારી પ્રાણુ પ્યારી રાજદુલારી
નવલા તારા નયન આ, નવલાં તેમાં નૂર
નવલાં તારા હૃદયમાં નવલાં આવે પૂર

વસંત-વીણા— (કવાલી)

માનવીનો આ જગતમાં આબરૂ આધાર છે
આબરૂ ગઇ તો પછી શું જીંદગીમાં સાર છે
હું રહું ને આબરૂ મુજ તાતની જાવા દઉં—
ધિક્ક છે મુજને અને મુજ જીવવું ધિક્કાર છે
નિજ આબરૂ રાખો પીતા મુજને તમે જાવા દિયો
સર્વ જાણે છે કે જ્યોતિ, દેહમાં દિન ચાર છે

વસંત-વીણા—

આજ મારી આંખમાંથી આંસુઓની ધાર છે
બાળ છું નાની પડયું દુઃખ હાય પારાવાર છે
માત મૃત્યુ વશ પડી છે તાતની આંખ્યો ગઇ

શું દયાળુ દેવ તું, આવી દયા કરનાર છે ?
કોઇ નાનાં બાળની આવી દશા થાશો નહિં
એ અરજ આ બાળકીની દેવ વારંવાર છે.

સત્તાનો મદ—

સત્તાની અજબ ખુમારી; ભલભલાને ભુલવનારી
વિષમ અતિ છે "સત્તાનો મદ" જીવવો બહુ ભારી—
ડહાપણ ને જ્ઞાન તજાવે
અભિમાને અંધ બનાવે
નીતિ ને ન્યાય થકી એ ન્યારી
જુલ્મોની જનની થઇ રહેનારી—અજબ ખુમારી.
બીજાને તુચ્છ ગણાવે; પોતાને શ્રેષ્ઠ મનાવે
અત્યાચારોનું મુળ થનારી
તો પણ ઇચ્છે છે સહુ નરનારી—અજબ ખુમારી

સત્તાનો મદ—

અંગ અંગે મધુરી છે ફુલડાંની વાસ
મારો મધુકર લટુ બનીને ગુંજે ચોપાસ
ઝુકી ઝુકીને લુંટે સુવાસ
પ્રીતમજી ઝુકીને લુંટે સુવાસ પ્રેમ પ્યાસ
હૃદય મધુર અધર મધુર જીવનની મીઠાસ
પ્રેમ પાશમાં બંધાઇ ઉલ્લાસે...........મધુરી.

સત્તાનો મદ— (અમૃતનાં પાન.)

મારા વિષના ઉતાર રાજ જડશે નહીં
આવા અમૃતનાં પાન ફરી મળશે નહીં
સ્નેહ સાગરને તીર
ઉભાં તરસ્યાં અધીર
ઝીલો અમૃતનાં નીર-તૃપ્તી વળશે નહીં
મધુર રસથી ધરાય ના મધુરી
આશ પુરી છતાંયે અધુરી
જન્મ જન્મની તૃષાઓ આજે પુરી થઈ—

સત્તાનો મદ— (કવાલી)

લાખો નિરાશા એક પાસે વ્યથા ઉંડા વિરહની
ન હોય બીજી પાસ એકજ ઘડી મીઠા મિલનની
એ ઉભયમાં કીંમત વધુ એકજ ઘડીની થાય છે
એવી ઘડી આખા જીવનમાં એક આવી જાય છે

સત્તાનો મદ— (ગઝલ)

છે તોફાની તે છતાં ગંભીર છે સાગર સદા
હોય કાંટા કમળમાં પણ એ મૃદુ મદભર સદા
પ્રેમમાં જેમ છે સુધા તેમ ઝેર પણ તેવાજ છે
ઝેર અમૃત બે મળ્યાથી પ્રેમ છે રસભર સદા
લુખ્ખી પડે ખાલી મધુરતા કટુતા રૂચે નહીં
પણ કંઈ મધુરતા કંઇ કટુતા,બે બને સુખકર સદા

સત્તાનો મદ— (સાખી)

અભિમાન ધરી પુલાતા જે ક્યાંય નહીં બંધાતા,
ભુજ બંધનમાં બંધાતાં એ છે બેડી પ્રેમની—
બાંધી અમે બંધાતાં સમજી અણુસમજુ થાતાં,
બંધાય છતાં હરખાતાં એ છે બેડી પ્રેમની—
મનમાં થઇ મદમાતા મધુકર કાષ્ટ કોરીને ખાતા,
તે કમળદળે લપટાતાં એ છે બેડી પ્રેમની—
પ્રેમ પાસ છે અટપટા જે જન છુટવા ચ્હાય,
જીવન ભર છટકે નહીં ઉલટા અધીક ફસાય—

સત્તાનો મદ— (ભજન)

તું ચેત મુસાફર વહી જશે છે સમય ઘડી કે બે ઘડી
એ....મસ્તી મનમાં રહી જશે છે સમય ઘડી કે બે ઘડી
 છે આંખ છતાં કાં અંધ બને !
 લઈ દીવો હાથ કાં કુવે પડે !
અભિમાન અશ્વપર ચડી ચડી........છે સમય૦
 કંઇ ચેત હજી અજ્ઞાની
 થઇ જશે જીવન પાણી પાણી
પળમાં જો કાળ જશે જકડી........છે સમય૦
 પડતી પડઘા પડી રહ્યા
 દુઃખના ડંકા ગડગડી રહ્યા
જો વિપત વાદળી શીરે ચડી........છે સમય૦

સત્તાનો મદ— (સાખી)
હોય જો સંસારમાં કંઇયે મજા તો આજ છે
સ્નેહ છે ભુંડી સજા
તો તે સજા પણ આજ છે—
દિનરાત જે વેઠી ઉપાધી આ મજાને કારણે
ડુબ્યા કજાના ભારમાં
તો તે કજા પણ આજ છે—
અહીંથી નહીં ખસવું ગમે એ હૃદયમાં વસવું ગમે
આખર ફજેતીની ધ્વજા
તો તે ધ્વજા પણ આજ છે—

સત્તાનો મદ—

મને ફરી મળે અવતાર રાજ્યની રાણી બનું હું રસની રાણી બનુ,
કોઇથી હું ના ડરૂં કોઇને હું ના ગણું—
સોનાના બેડલાં ઘડાવી; હીરાથી ઇંઢોણી મઢાવી,
રૂપાને રસ્તે પથરાવી પાણીડાં ભરૂં—
પ્રધાન પાસે પાણી ભરાવું; રાજવી પાસે સેજ સજાવું,
સેનાપતીને નાચ નચાવું કોઇને ના ગણું—

સત્તાનો મદ— (ગઝલ)
બાંધે મનસુબા દિન રાત
અભાગી વ્યર્થ કરે ઉત્પાત
સમજે નહીં કે હરી ઇચ્છા વીણ બને ન એકે વાત—

રમત કરી દોરી સંચાની સંચા માનવ જાત
કામ કરે છે મન માન્યાં પણ દોરી તેને હાથ—
ગાડા નીચે શ્વાન સંચરે સમજે મુજ પર ભાર
એ અજ્ઞાન ટળે ત્યારે જ્યાં પડે પીઠપર લાત—

સત્તાનો મદ—

રહીશું નહીં અમે શ્યામ—એકલડાં રહીશું
થઈએ હઠીલાં ન આમ—રસીકડાં થઈએ.
સખી વિહરમાં બાળે વેશ જો
મુકી એકલડાં જાશો વિદેશ તો
અન્ન જળ કરશું હરામ.........એકલડાં.
સાદે વેશે સાથે રહીશું જોખમ સાથે કંઇ ન લેશું
જોખમ તું પોતે તમામ..........એકલડાં.

એક અબળા—

પ્રેમતત્વ કોઈ અજબ સનાતન
વિરલ પ્રેમી જન જાણેરે
ભ્રમર અને કળીઓની ભાષા
કોઈ રસજ્ઞાની પીછાણેરે
લાખ નયનનાં સ્નેહી આંખડી
સ્નેહલ નયન પ્રમાણેરે
પ્રણય ધુનમાં વિણા હૃદયની વાગી ઉઠે પરાણેરે
પ્યાલામાં સાગર ભરી પીવા ફક્ત પ્રેમીજન જાણેરે

એક અબળા—

દેખો દેખો જસોદાજી નંદવો તીહારો
જરા બાંકે કનૈયાકો શેકના
વાકો ચસકો બડો મહીં માખનકો
ખાય નવનીત વો નીત વાકો શેકના
આકે મટકી ચુરાય સંગ મરકટકો લાય
જાકે બનમેં છીપાય વાકો ઠોકના
શ્યામ મધુબનકી બાટ હેરે
મહીયનકે માટ આય જમુનાકે ઘાટ—શની દેખન.

એક અબળા—

કંગાલ હાલત છેભલે કંગાલ દીલ મારૂં નથી
ભાઈને દુનીઆં વિષે કોઇ ભાઇથી પ્યારૂં નથી
હોય કડવા લીંબડા પણ છાંયડી કડવી નથી
માડીના જાયા સમી માયા જગે જડવી નથી
મીલકત પચાવી ધણીની થઇ બાયડી રહેતાં નથી
ફરીયાદ કરજો કોરટે હું કહીશ ચોખું જડજને
ઘરથી હતી જરમાલને હું આમને ઘરથી નથી

એક અબળા—

નહીં ટળશે ભાઇ પડી ટેવ નહીં ટળશે
કોઇ લાખ પ્રયત્નો કરશો
પણ જાતી સ્વભાવ ન ટળશે,

કસ્તુરી કયારે વાવો પણ કાંદો વાસ ન તજશે
ગમ તેટલા ધુવો કોયલા કાળ કેમ બદલશે.
બાર ગાઉએ બોલી બદલે તરૂવર બદલે શાખા
બુઢ્ઢાપણુમાં કેશ બદલશે લખણુ ન બદલે લાખા.
એક અબળા—

રત્ન કંકણે રમણી તણાં સોભાગ્ય નથી વધનારાં
કાચ તણા કંકણુ ધરતા નથી સદગુણુ ઘટી જનારા
કર વિજય કંકણે ધારો તનશીયળની સાડી સમારી
પતિભકિત કંચુકી ધારૂં મનોહર આભુષણુ એ મારાં
સોભાગ્યનાથ જો હશે કુશળ તો સર્વ ભુષણો સારાં
હું હીર ચીરની નથી પ્યાસી નથી વૈભવતણી વિલાસી
તવ ચરણુ કમળ દર્શન અભિલાષી
હું દર્શન ચહું તમારાં
એક અબળા— (ભજન)
રામ ભજનની ધુન જગાવો
પાપ તણો કરીએ પસ્તાવો
સુધર્યો ભાઇ સુધર્યો સૌ જાતે દહાડે સુધર્યો
કાશી જઇ કરવત મુકાવો દ્વારકા જઇ છાપ લગાવો
પસ્તાવો પાપી તણાં પાપ કરે છે માફ
જેમ ચોમાસું આવતાં ગટર થાય છે સાફ
તંબુરા કરતાર બજાવી પછી શંખ વગાડો ભાઈ
મંજીરાના નાદ ગજાવી સૌ ખાશું મેવા મીઠાઇ

"ઢોલ વગાડો શીવાભાઇ
    લ્યો જીવાભાઇ કરતાળ,
તંબુરો લ્યો દેરાણી જેઠાણી આપો તાલ
સૌ બોલો જેગોપાળ ભાઈ બોલો જેગોપાળ.

શા’ કવાટ—

જુઓ સ્વામી રામનાં કર્મો કેવાં દુનીઆમાં ઠર્યાં છે.
ધરો ધર્મ હૃયે તમે પ્રભુ રામનો,
સાર સંસારનો વડીલની સેવામાં છે.
સમજે સપુત એ સાચો બીજો રામ છે.
શ્રવણની ભકિત કેવી હતી ભીષ્મની પણ તેવી.
કઇ અમર પુત્રો પીતૃ ભકિતથી ઠર્યા છે.

શા’ કવાટ—

દુઃખી કે દરદીઓ કોઇ, ભૂલેલા માર્ગવાળાને,
વીસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.
ગરીબની દાદ સાંભળવા, અવરના દુઃખને દળવા,
તમારા કર્ણ નેત્રોની, ઉઘાડી રાખજો બારી.
અતી ઉજાસ કરનારા, તીમીરનો નાશ કરનારા,
કિરણને આવવા સારૂ, ઉઘાડી રાખજો બારી.
થયેલાં દુષ્ટ કર્મોનાં, છુટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની ન્હાની, ઉઘાડી રાખજો બારી.

શાલિવાહન—

અમર કામ જે કરે જગતમાં, તે નર અમર ગણાય

જગ કલ્યાણે જીવન વીતાવે, યુગ યુગ એ પુજાય;
મનુષ્યમાં તે જન દેવ મનાય.
આત્મ ત્યાગના ઉજવળ વૃતના, ઘર ઘર ગીત ગવાય.
જેમ પુષ્પ ખરી કરમાય,
પણ વાસ વિમળ રહી જાય.
કીર્તિવાસના કીર્તિવંતની અખિલ જગે ફેલાય

શાલિવાહન—

હાયરે મુવા મધુકરની બીક છે અપારરે,
ફુલડાં થોડાં ચુટયાં મેં સોહામણાં.
ગુણીયલ ગુલાબ તોય કાંટા ભરેલો,
મોગરો તો માનમાં મરે છે;
ચંપાની વાસ તો સ્હેજે સ્હેવાયના,
કેવડામાં કાંટાનો મારરે—ફૂલડાં
કાંટા વિનાનો સુવાસથી ભરેલો,
હૈયે તે હીમશો લાગે;
દીલને ડોલાવે એવો ડોલરીયો,
હું તો ગુંથીશ એનો હારરે—ફૂલડાં

શાલિવાહન—

સુખની ગણાય છાયા, કમનીય જેની કાયા;
આરામ ત્યાં છુપાયા, રમણી મહાન માયા.
મદમસ્ત હસ્તીઓનાં, કુંભસ્થળો વિદારે;
કે લાખ ખડગથી જે, રોકાય ના લગારે,
તે સ્હેજમાંજ ઓના, કરપાશમાં ફસાયા—રમણી

અલકાવળીની લટમાં, કે રકત અધર પટમાં,
દ્રગ બાણુની ઝપટમાં, કે ઉભય ઉરજ ઘટમાં
લપટાય નહીં એવા, નર કોઇ નથી સૃજાયા–રમણી.
જો સ્વર્ગ હોય શ્યામા, સંસાર સ્વર્ગ સમજો;
જો નર્ક હોઇ નારી, તો જગત નર્ક સમજો,
પણ સર્વ જીંદગીનાં, સુખ દુઃખ ત્યાં છુપાયાં–રમણી.

શાલિવાહન—

માગુ તમારી માયા, કાયા હશે ત્યાં છાયા,
સ્વામીન તમારે ચરણે, વૈભવ બધા શમાયા,
જગની તમે વિભુતિ, વિભુતિ હું તમારી સ્વામી
મારા અને તમારા, યોગો અમર લખાયા.
વૈભવ બીજાને આપે, કષ્ટો બીજાનાં કાપે,
પરમાર્થે પ્રાણ ત્યાગે, ત્યાગી ખરા ગણાયા.
દીન રાત જેણે જાગી, સેવા જગતની સાધી,
પ્રભુતા ભર્યો એ જીવો, જગમાં પ્રભુ મનાયા–માગું.

શાલિવાહન—

લક્ષ્મી વિણ લક્ષણવંતાની, કીંમત નહીં અંકાવાની,
ભાગ્યવિનાની લક્ષ્મી ઘરમાં, આવી તે વહી જાવાની.
લક્ષ્મી તું છે મૂળ દુઃખનું, જ્યાં ત્યાં ક્લેશ જગાવાની,
ચંચળ થઈ ઘરઘર ફરતી તુ, સારાં કર્મ તજાવાની.
એકનું લઈ બીજાને આપે, તું પણ છે મોટી કયાંની,
હીકમત છે બસ એકજ તારી, હસ્તાનેજ રડાવાની.

સમાપ્ત.

છપાવી પ્રસિદ્ધ કરનાર:-મહમુદ એન્ડ મહમદભાઈ કાગદી બુકસેલર એન્ડ પબ્લીશર સ્ટેશનરોડ અલાયાની વાડી સામે-સુરત.

છાપનાર:-ગોવિન્દજી [illegible] નાયક.

શ્રી અનાવિલ બંધુ પ્રીં. પ્રેસ, ખરાંનપુરી ભાગળ, વાડીવાળી પોળ-સુરત.